**અપીલ અધિકારી અને**
**નગર નિયોજક**
**સુરત મહાનગરપાલિકા**

**મહાનગર સેવા સદન,**
**મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૩**

**નં.ટી.ડી.ઓ/અપીલ/૦૪**
**તા.૦૪–૦૪–૨૦૧૬**

**અપીલ અરજી તા.૦૫/૦૩/૨૦૧૬,**
**અરજદારશ્રી :– શ્રી અરૂણ એસ. પાઠક**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

**વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી અરૂણ એસ. પાઠકની તા.૧૭/૦૨/૨૦૧૬ ની આઈ.ડી નં ૬૨૪ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભ :–(૧) અરજદાર શ્રી અરૂણ એસ. પાઠકની તા.૧૭/૦૨/૧૬ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.: ૬૨૪ થી મઘ્યસથ કચેરીમાં અરજી કરવામાં આવેલ.**

**(૨) જાહેર માહિતી અધિકારી અને ત્રીજી શ્રેણી કલાર્ક ઘ્વારા તા.૧૮/૦૨/૧૬, પત્રનં.: ૬૨૪ થી અત્રે તથા અન્ય વિભાગ / કચેરીઓમાં તબદીલ કરવામાં આવેલ.**

**(૩) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ઘ્વારા તા.૨૬/૦૨/૧૬ના ટીડીઓ/આર.ટી.આઈ. નં.: ૯૬૪ થી અરજદારશ્રીને જવાબ પાઠવવામાં આવેલ.**

**(૪) "નમુના–ક" માં અરજદારશ્રી અરૂણ એસ. પાઠક ઘ્વારા તા.૦૫/૦૩/૧૬ થી અત્રેના મઘ્યસ્થ શહેર વિકાસ ખાતામાં પ્રથમ અપીલ અરજી રજુ કરવામાં આવેલ.**

**(૫) અપીલ અધિકારી અને નગર નિયોજકશ્રી ઘ્વારા અરજાદરશ્રીને તા.૩૦/૦૩/૨૦૧૬ ના રોજ રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા બાબતના પત્ર ક્રમાંક નં. ટીડીઓ/અપીલ/૨૫૪, તા.૨૧/૦૩/૧૬**

અરજદારશ્રી અરૂણ એસ. પાઠક ઘ્વારા સંદર્ભ (૧) હેઠળના તા.૧૭/૦૨/૨૦૧૬ થી મઘ્યસથ કચેરીમાં અરજી કરવામાં આવેલ. સદર અરજી જાહેર માહિતી અધિકારી અને ત્રીજી શ્રેણી કલાર્ક ઘ્વારા સંદર્ભ (૨) હેઠળના તા.૧૮/૦૨/૧૬ થી અત્રે તથા અન્ય વિભાગ / કચેરીઓમાં તબદીલ કરવામાં આવેલ. (જે અત્રે ટીડીઓ/આઈ.ડી. નં.: ૭૮૬, તા.૨૨/૦૨/૧૬ થી નોંધાયેલ.)સદર અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ઘ્વારા સંદર્ભ (૩) હેઠળના તા.૨૬/૦૨/૨૦૧૬ થી અરજદારશ્રીને જવાબ પાઠવવામાં આવેલ. અરજદારશ્રી ઉકત જવાબથી નારાજ થઈ સંદર્ભ (૪) હેઠળના તા.૦૫/૦૩/૨૦૧૬ થી અત્રેની કચેરીમાં પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ.

સદર અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને નગર નિયોજકશ્રી ધ્વારા સંદર્ભ(૫) હેઠળના તા.૨૧/૦૩/૨૦૧૬ થી અરજદાર તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૩૦/૦૩/૧૬ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવવામાં આવેલ જેમાં અરજદારશ્રી હાજર રહેલ ન હતા અને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ હાજર રહીને અરજદારશ્રીની માહિતી માંગતી અરજી અન્વયે અત્રેથી સંદર્ભ (૩) હેઠળના પત્રથી અત્રેના વિભાગને લગતી માહિતી અન્વયે સમયમર્યાદામાં જવાબ પાઠવવામાં આવેલ હોવાની સ્પષ્ટતા કરવામાં આવેલ છે. ઉપરોકત વિગતો ધ્યાને લઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

–:: હુકમ ::–

**અરજદારશ્રી અરૂણ એસ. પાઠક ધ્વારા આર.ટી.આઈ. એકટ, ૨૦૦૫ હેઠળની તા.૧૭/૦૨/૧૬ ની મુળ અરજી અન્વયે કરેલ રજુઆત સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રી તથા જયારે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત સાંભળ્યા બાદ અરજદારશ્રીને તેઓની માહિતી માંગતી તા.૧૭/૦૨/૨૦૧૬ ની મુળ અરજી અન્વયે અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી અન્વયે અત્રેથી સંદર્ભ (૩) હેઠળના પત્રથી નિયત સમયમર્યાદામાં જવાબ આપવામાં આવેલ છે. આમ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએનિયત સમયમર્યાદામાં જવાબ પાઠવેલ હોવાથી કોઈ હુકમ કરવાનો થતો નથી, જે ધ્યાને લેતા અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.**

**અપીલ અધિકારી અને**
**નગર નિયોજક**
**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિ,**

**(૧) શ્રી અરૂણ એસ. પાઠક, ૭, ૮ કર્મયોગી ભવન, ભગવતી આર્કેડ રોડ નં.: ૫, ઉધના, ઉદ્યોગનગર, સુરત ..... આપની અપીલ અરજી સામે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ છે. જાણ સારૂ.**

અપીલ અધિકારી અને
નગર નિયોજક
સુરત મહાનગરપાલિકા

મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૦૬
તા.૦૭–૦૪–૨૦૧૬

**અપીલ અરજી તા.૦૫–૦૩–૨૦૧૬**
**અરજદારશ્રી :–વિજયકુમાર એમ. ખુંટ**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

વિષય :– માહિતી અધિકાર અધિનિયમ,૨૦૦૫ ની જોગવાઈ અનુસાર નોંધાવવામાં આવેલ પ્રથમ અપીલ અરજી બાબત.

સંદર્ભ :– (૧) માહિતી અધિકાર અધિનિયમ,૨૦૦૫ હેઠળ તા.૧૧/૦૨/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ અરજી આઈ.ડી.નં. ૧૫૬૭.
(૨) ડેપ્યુટી ઈજનેરશ્રી અને જાહેર માહિતી અધિકારીશ્રી, ઈસ્ટ ઝોન (વરાછા) ના પત્રક્રમાંક નં. ઈસ્ટ ઝોન/ આરટીઆઈ સેલ/૧૭૫૫, તા.૧૬/૦૨/૨૦૧૬.
(૩) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીના પત્રક્રમાંક નં. ટીડીઓ/આરટીઆઈ/૯૭૪, તા.૨૯/૦૨/૨૦૧૬.
(૪) અરજદારશ્રી વિજયકુમાર એમ. ખુંટ ધ્વારા તા.૦૫/૦૩/૨૦૧૬ થી નોંધવામાં આવેલ પ્રથમ અપીલ અરજી.
(જે અરજી અત્રે ટીડીઓ/અપીલ/૭૩, તા.૦૫/૦૩/૨૦૧૬ થી નોંધાયેલ છે.)
(૫) અપીલ અધિકારી અને નગર નિયોજકના પત્ર ક્રમાંકઃ નં.ટીડીઓ/અપીલ/૨૫૨, તા.૧૬/૦૩/૨૦૧૬.

અરજદારશ્રી વિજયકુમાર એમ. ખુંટ ધ્વારા ગૃડા હેઠળ નાંણા ભરપાઈ કરીને રેગ્યુલર થયેલ મિલ્કતના સી.ઓ.આર. બાબતે વિગતો / માહિતી મેળવવા માટે સંદર્ભ (૧) હેઠળના પત્રથી ઈસ્ટ (વરાછા) ઝોન કચેરી ખાતે કરવામાં આવેલ અરજી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી, ઈસ્ટ ઝોન ધ્વારા સંદર્ભ (૨) હેઠળના પત્રથી અત્રે તબદીલ કરવામાં આવેલ. જે અરજી અત્રેની કચેરીએ ટીડીઓ/આઈડી/૭૭૫, તા.૧૭/૦૨/૨૦૧૬થી નોંધાયેલ છે. જે અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના.શહેર વિકાસ અધિકારી શ્રી, શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતા ધ્વારા સંદર્ભ (૩) હેઠળના પત્રથી નિયત સમય મર્યાદામાં અરજદારશ્રીની અરજી પૈકીના મુદ્દા નં.૧ અન્વયે રેકર્ડ આધારીત માહિતી/ વિગતો મેળવવા માટે ફી ભરપાઈ કરવા માટે તથા મુદ્દા નં.૨ અને ૩ થી માંગવામાં આવેલ વિગતોનો માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ની જોગવાઈ અનુસાર માહિતીની વ્યાખ્યામાં સમાવેશ થતો ન હોય સદર મુદ્દાઓ અન્વયે માહિતી પાઠવવાની રહેતી ન હોવાનો અરજદારશ્રીને પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે. જે અનુંસધાને અરજદારશ્રી ધ્વારા તેઓને અધુરી માહિતી મળેલ હોવાના કારણોસર સંદર્ભ (૪) હેઠળના પત્રથી પ્રથમ અપીલ અરજી નોંધાવવામાં આવેલ. જે અપીલ અરજી અત્રેની કચેરીએ ટીડીઓ/અપીલ ૨૫૨, તા.૧૬/૦૩/૨૦૧૬ થી નોંધાયેલ છે.

સદરહું અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને નગર નિયોજક, શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતા ધ્વારા અરજદારશ્રી વિજયકુમાર એમ. ખુંટ તેમજ જાહે માહિતી અધિકારી અને ઈ.ચા.ના.શહેર વિકાસ અધિકારીશ્રીને રૂબરૂ સુનાવણી માટે તા.૩૦/૦૩/૨૦૧૫ના રોજ સાંજે ૪.૦૦ કલાકે હાજર રહેવા માટે સંદર્ભ (૫) હેઠળના પત્રથી જણાવવામાં આવેલ. જે સુનાવણી દરમ્યાન અરજદારશ્રી ધ્વારા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના.શહેર વિકાસ અધિકારીશ્રીના સંદર્ભ (૩) હેઠળના પત્રથી જણાવવામાં આવેલ વિગતો ફી ભરપાઈ કરી મેળવવામાં આવેલ છે પરંતુ તેઓને માંગ્યા મુજબની માહિતી/ વિગતો પાઠવવામાં આવેલ ન હોવાથી રજુઆત કરવામાં આવેલ છે. જયારે સદર સુનાવણી દરમ્યાન

જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના.શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીએ માહિતી મેળવવા માટે સંદર્ભ (૧) હેઠળના પત્રથી કરવામાં આવેલ મુળ અરજી અન્વયે સંદર્ભ (૩) હેઠળના પત્રથી અરજદારશ્રીને પ્રત્યુત્તર પાઠવ્યા મુજબ અરજી પૈકીના મુદ્દા નં. ૨ તથા ૩ થી માંગવામાં આવેલ વિગતોનો માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ ની જોગવાઈ અનુસાર માહિતીની વ્યાખ્યામાં સમાવેશ થતો નથી જયારે મદ્દા નં.૧ અન્વયે બિનઅધિકૃત બાંધકામને નિયમિત કરવા અંગે સરકારશ્રી ધ્વારા અમલમાં લાવવામાં આવેલ ગૃડા–૨૦૧૧ તથા તેની આનુસાંગિક નિયમો–૨૦૧૨ ની નકલ મેળવવા માટે અરજદારશ્રીને ફી ભરપાઈ કરવાનું જણાવવામાં આવતા અરજદારશ્રી ધ્વારા ફી ભરપાઈ કરી માહિતી મેળવવામાં આવેલ છે, અને તેમાં માંગ્યા મુજબની વિગતો પ્રાપ્ત થઈ શકતી હોવાની રજુઆત કરવામાં આવેલ. વધુમાં અરજદારશ્રીને સરકારશ્રી ધ્વારા બિનઅધિકૃત બાંધકામને નિયમિત કરવા અંગેના અધિનિયમ–૨૦૧૧ અંગે વિગતવાર સમજ આપવામાં આવેલ છે તથા તેઓ કોઈ ચોકકસ મિલ્કત માટે વિગતો મેળવવા માંગતા હોય તો તેઓ તે અંગે સંબંધિત ઝોન કચેરીના જાહેર માહિતી અધિકારીને સંબોધી અરજી કરી વિગતો મેળવી શકે છે હોવાની સમજ આપવામાં આવેલ છે. જે અનુસંધાને અરજદારશ્રી ધ્વારા સંતોષ વ્યકત કરવામાં આવેલ છે. આમ, સુનાવણી દરમ્યાન બંને પક્ષકારો ધ્વારા કરવામાં આવેલ રજુઆત અન્વયે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–ઃહુકમઃ–**

**અરજદારશ્રી વિજયકુમાર એમ.ખુંટ ધ્વારા માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળ માહિતી મેળવવા માટે કરવામાં આવેલ મૂળ અરજીના અનુસંધાને કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી અન્વયે તા.૩૦/૦૩/૨૦૧૬ ના રોજ થયેલ રૂબરૂ સુનાવણી દરમ્યાન અરજદારશ્રી ધ્વારા તેઓએ અરજી અન્વયે ફી ભરપાઈ કરી મેળવવામાં આવેલ છે તેમજ તેઓને બિનઅધિકૃત બાંધકામને નિયમિત કરવા અંગેના અધિનિયમ–૨૦૧૧ અંગે આપવામાં આવેલ સમજ અન્વયે સંતોષ વ્યકત કરવામાં આવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા કરવામાં આવેલ રજુઆત મુજબ અરજદારશ્રીની મૂળ અરજી અન્વયે રેકર્ડ આધારિત માહિતી મેળવવા માટે ફી ભરપાઈ કરવા માટે અરજદારશ્રીને નિયત સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોય, સદર અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીને કોઈ હુકમ કરવાનો રેહતો નથી. આમ, સદરહુ અપીલ અરજીનો નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.**

**અપીલ અધિકારી અને**
**નગર નિયોજક**
**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિ,**

શ્રી વિજયકુમાર એમ. ખુંટ, ૧૦૪ સૃષ્ટિ કોમ્પલેક્ષ, સીવીલાઈઝ સ્કુલની નીચે, વંદના સોસાયટી સામે, નાના વરાછા, સુરત પ્રતિ,..... આપશ્રી ધ્વારા સંદર્ભ (૪) હેઠળના પત્રથી કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી અન્વયે જાણ સારૂ.

વિજય બી.દેસાઈ,
જાહેર માહિતી અધિકારી અને
ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી

ફોન : ૨૪૨૩૭૫૧ થી ૫૫
એક્ષ્ટે.૨૫૮
મહાનગર પાલિકા
મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૩


નં.ટી.ડી.ઓ/અપીલ/૧૦
તા.૨૫–૦૪–૨૦૧૬

પ્રતિ,
શ્રી પિંકલ પી. ઘીવાળા
૨૧, ન્યુ ગોકુલ રો–હાઉસ,
સી. કે. પાર્કની બાજુમાં,
હની પાર્ક રોડ, સુરત

**વિષય :–** રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી પિંકલ પી. ઘીવાળાની તા.૦૬/૦૨/૧૬ ની આઈ.ડી નં૧૦૦૮ થી માંગેલ માહિતી બાબત.

**સંદર્ભ :–(૧)** અરજદાર શ્રી પિંકલ પી. ઘીવાળાની તા.૦૬/૦૨/૧૬ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.: ૧૦૦૮ થી રાંદેર ઝોન કચેરીમાં અરજી કરવામાં આવેલ.

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, રાંદેર ઝોન કચેરી ધ્વારા તા.૧૦/૦૨/૧૬ ના પત્રનં.: ૧૮૧૪ થી અત્રે તથા તમામ ઝોન કચેરીઓમાં / વિભાગમાં તબદીલ કરવામાં આવેલ. (જે ટીડીઓ/આઈ.ડી. નં.: ૭૬૭, તા.૧૫/૦૨/૧૬ થી નોંધાયેલ.)

(૩) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૨૬/૦૨/૧૬ના ટીડીઓ/આર.ટી.આઈ. નં.: ૯૬૬ થી અરજદારશ્રીને રેકર્ડ નિરીક્ષણ કરી માહિતી મેળવી લેવા પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ.

(૪) "નમુના–ક" માં અરજદારશ્રી પિંકલ પી. ઘીવાળા ધ્વારા તા.૨૮/૦૩/૧૬ થી પ્રથમ અપીલ અરજી રજુ કરવામાં આવેલ. (જે ટીડીઓ/અપીલ નં.: ૭૮ થી નોંધવામાં આવેલ.)

(૫) અપીલ અધિકારી અને નગર નિયોજકશ્રી ધ્વારા અરજાદરશ્રીને તા.૧૯/૦૪/૨૦૧૬ ના રોજ રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા બાબતના પત્ર ક્રમાંક નં. ટીડીઓ/અપીલ/૫, તા.૦૬/૦૪/૧૬ થી પત્ર પાઠવવામાં આવેલ.

(૬) અપીલ અધિકારી અને નગર નિયોજકશ્રીના તા.૨૫/૦૪/૨૦૧૬ ના પત્ર નં.ટીડીઓ /અપીલ/૧૦.

અરજદારશ્રી પિંકલ પી. ઘીવાળા ધ્વારા સંદર્ભ (૧) હેઠળના તા.૦૬/૦૨/૧૬ થી રાંદેર ઝોન કચેરીમાં અરજી કરવામાં આવેલ. સદર અરજી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, રાંદેર ઝોન કચેરી ધ્વારા સંદર્ભ (૨) હેઠળના તા.૧૦/૦૨/૨૦૧૬ થી અત્રે તથા તમામ ઝોન કચેરીઓ / વિભાગમાં તબદીલ કરવામાં આવેલ. સદર અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૩) હેઠળના તા.૨૬/૦૨/૧૬ થી અરજદારશ્રીને રેકર્ડ નિરીક્ષણ કરી માહિતી મેળવી લેવા પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ. જે પ્રત્યુત્તરથી અરજદારશ્રી

નારાજ થઈ સંદર્ભ (૪) હેઠળના તા.૨૮/૦૩/૧૬ થી પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ. જે ટીડીઓ/અપીલ નં.:૭૮ થી નોંધવામાં આવેલ.

સદર અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને નગર નિયોજકશ્રી ધ્વારા સંદર્ભ(૫) હેઠળના તા.૦૬/૦૪/૨૦૧૬ ના પત્રથી અરજદાર તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૧૯/૦૪/૧૬ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવવામાં આવેલ જેમાં અરજદારશ્રી હાજર રહેલ ન હતા અને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ હાજર રહીને અરજદારને નિયત સમયમર્યાદામાં અરજદારશ્રીની આર.ટી.આઈ. એકટ હેઠળની અરજી અન્વયે રેકર્ડ નિરીક્ષણ કરી માહિતી મેળવી લેવા જણાવવામાં આવેલ, પરંતુ અજદાર ધ્વારા નિરીક્ષણ કરવામાં આવેલ ન હોવાની સ્પષ્ટતા કરવામાં આવેલ છે. જે ધ્યાને લઈને સંદર્ભ (૬) હેઠળના અપીલ અધિકારી અને નગર નિયોજકશ્રીના હુકમ મુજબ દિન–૭ (સાત) માં રેકર્ડનું રૂબરૂ નિરીક્ષ કરી જરૂરી માહિતી મેળવી લેવા આપશ્રીને વધુ એક તક આપવામાં આવે છે. જે ધ્યાને લેવા વિનંતી.

**જાહેર માહિતી અધિકારી અને**
**ઈ.ચા.ના.શહેર વિકાસ અધિકારી**
**શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતુ**
**સુરત મહાનગરપાલિકા**

અપીલ અધિકારી અને
નગર નિયોજક
સુરત મહાનગરપાલિકા

મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૩

**નં.ટી.ડી.ઓ/અપીલ/૧૧**

**તા.૩૦ –૦૪–૨૦૧૬**

**અપીલ અરજી :– તા.૨૮/૦૩/૨૦૧૬**

**અરજદાર :– શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળા**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના.શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદની હકીકત :**

**વિષય :– માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ અરજદારશ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળા ધ્વારા નોંધવવામાં આવેલ પ્રથમ અપીલ અરજી બાબત.**

**સંદર્ભ :– (૧) અરજદારશ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળા ની તા.૦૬/૦૨/૨૦૧૬ ના રોજની અરજી ટીડીઓ/આઈ.ડી.નં./૧૦૦૫.**

**(૨) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી,વેસ્ટ(રાંદેર)ઝોનના પત્ર ક્રમાંક વેસ્ટ ઝોન/આરટીઆઈ સેલ/૧૮૧૨ તા.૧૦/૦૨/૨૦૧૬.**

**(૩) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના.શહેર વિકાસ અધિકારીશ્રીના પત્ર ક્રમાંક ટી.ડી.ઓ./આર.ટી.આઈ./૯૪૭, તા.૧૯/૦૨/૨૦૧૬.**

**(૪) અરજદારશ્રી ધ્વારા તા.૨૮/૦૩/૨૦૧૬ થી માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ની જોગવાઈ અનુસાર નોંધવવામાં આવેલ પ્રથમ અરજી નં.૧૧૭**

**(૫) અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, વેસ્ટ(રાંદેર) ઝોન કચેરીના પત્ર ક્રમાંક નં.વેસ્ટ ઝોન/આરટીઆઈ સેલ/૨૦૮૧, તા.૨૯/૦૩/૨૦૧૬.**

**(૬) અપીલ અધિકારી અને નગર નિયોજકના પત્ર ક્રમાંક નં.ટીડીઓ/અપીલ/૦૭, તા.૧૩/૦૪/૨૦૧૬.**

અરજદારશ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળા ધ્વારા સુરત મહાનગરપાલિકા ધ્વારા કોમ્પ્યુટર પર રાખવામાં આવતી વિગતો બાબતે સંદર્ભ (૧) હેઠળના પત્રથી કરવામાં આવેલ અરજી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી,વેસ્ટ(રાંદેર)ઝોન ધ્વારા સંદર્ભ(૨) હેઠળના પત્ર અત્રે તબદીલ કરવામાં આવેલ. જે અરજી અત્રેની કચેરીએ ટીડીઓ/આઈડી/૭૬૬, તા.૧૫/૦૨/૨૦૧૬ થી નોંધાયેલ. જે અરજી પૈકી મુદ્દા નં.૨ ની વિગતો માટે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી સુરત મહાનગરપાલિકા ધ્વારા સંદર્ભ (૩) હેઠળના પત્રથી અરજદારશ્રી ધ્વારા માંગવામાં માહિતી / વિગતો અંગે કોઈ અલાયદો રેકર્ડ નિભાવવામાં આવતો હોવાનો તથા તે અંગે તેઓની કચેરીએ ઉપલબ્ધ રેકર્ડનો દિન–૭ માં રૂબરૂ ચકાસણી / તપાસણી કરી જવા અને તે દરમ્યાન જરૂરીયાત મુજબની વિગતોની જાણ કર્યેથી પાઠવી શકાશે હોવાનુ જણાવવામાં આવેલ. જે અન્વયે અરજદારશ્રી ધ્વારા કોઈ રેકર્ડની ચકાસણી

કરવામાં આવેલ નથી.પરંતુ અરજદારશ્રી ધ્વારા સંદર્ભ (૪) હેઠળના પત્રથી વેસ્ટ (રાંદેર) ઝોન કચેરી ખાતે પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ. જે અરજી અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, રાંદેર ઝોન ધ્વારા સંદર્ભ (૫) ના પત્રથી અત્રેની કચેરીએ તબદીલ કરવામાં આવેલ. જે અરજી અત્રેની કચેરીએ ટીડીઓ/અપીલ/૭૭, તા.૩૧/૦૩/૨૦૧૬ થી નોંધાયેલ છે.

સદર અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને નગર નિયોજક ધ્વારા સંદર્ભ (૬) હેઠળના પત્રથી અરજદાર તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના.શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૧૯/૦૪/૨૦૧૬ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવવામાં આવેલ. જે દરમ્યાન અરજદારશ્રી હાજર રહેલ ન હતા તેમજ તેમના તરફથી કોઈ રજુઆત પણ કરવામાં આવેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના.શહેર વિકાસ અધિકારીશ્રીએ હાજર રહીને અગાઉ સંદર્ભ(૩) હેઠળનાં પત્રથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર મુજબ જ સદર બાબતે અત્રેની કચેરીએ કોઈ અલાયદો રેકર્ડ નિભાવવામાં આવતો નથી તેમજ તેઓની કચેરીએ તો ઉપલબ્ધ રેકર્ડની રૂબરૂ ચકાસણી કરી ચકાસણી દરમ્યાન તેઓની જરૂરીયાત મુજબની માહિતી નિયમાનુસાર ફી ભરપાઈ કરી પ્રાપ્ત કરી શકે છે હોવાની રજુઆત કરવામાં આવેલ છે. ઉપરોકત વિગતો ધ્યાને લઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**—: હુકમ :—**

અરજદારશ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળા ધ્વારા માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળની તા.૦૬/૦૨/૨૦૧૬ ની મૂળ અરજી અન્વયે તા.૨૮/૦૩/૨૦૧૬ થી નોંધવવામાં આવેલ પ્રથમ અપીલ અરજી સંદર્ભે તા.૧૯/૦૨/૨૦૧૬ ના રોજ થયેલ રૂબરૂ સુનાવણી દરમ્યાન અરજદારશ્રી હાજર રહેલ નથી. જયારે જાહેર માહિતી અધિકાર અને ઈ.ચા.ના.શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા કરેલ રજુઆત સાંભળ્યા બાદ અરજદારશ્રીની માહિતી મેળવવા બાબતની મુળ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના.શહેર વિકાસ અધિકારીશ્રીએ નિયત સમય મર્યાદામાં માહિતી /વિગતો અંગે તેઓની કચેરીએ ઉપલબ્ધ રેકડની ચકાસણી કરી તે દરમ્યાન જરૂરી વિગતો નિયમાનુસાર ફી ભરપાઈ કરી પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે. પરંતુ અરજદારશ્રી ધ્વારા આજદિન સુધી કોઈ રેકર્ડ ચકાસણી કરવામાં આવેલ નથી. તેમજ તે બાબતે કોઈ રજુઆત પણ કરવામાં આવેલ નથી. જેથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના.શહેર વિકાસ અધિકારીને સદર અપીલ અરજી અન્વયે કોઈ હુકમ કરવાનો રહેતો નથી. આમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**અપીલ અધિકારી અને**
**નગર નિયોજક**
**સુરત મહાનગરપાલિકા**

પ્રતિ,

(૧) શ્રી પિંકલ પી. ઘીવાળા ૨૧, ન્યુ ગોકુલ રો–હાઉસ સી.કે.પાર્કની બાજુમાં હનીપાર્ક રોડ, સુરત પ્રતિ.....આપની અપીલ અરજી અપીલ આપવા જાણ થવા સારૂ.

અપીલ અધિકારી અને
નગર નિયોજક
સુરત મહાનગરપાલિકા

મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૧૩
તા.૦૪–૦૫–૨૦૧૬

**અપીલ અરજી તા.૦૪/૦૪/૨૦૧૬,**

**અરજદારશ્રી :– શ્રી આર. બી. મેંદપરા**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

**વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી આર. બી. મેંદપરાની તા.૦૭/૦૧/૨૦૧૬ ની આઈ.ડી નં ૧૪૫૬ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભ :–(૧) અરજદાર શ્રી આર.વી. મેંદપરાની તા.૦૭/૦૧/૧૬ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.: ૧૪૫૬ થી મધ્યસ્થ કચેરીમાં અરજી કરવામાં આવેલ.**

**(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, વરાછા ઝોન કચેરી ધ્વારા તા.૧૩/૦૧/૧૬, પત્રનં.: ૧૫૯૪ થી અત્રેની કચેરીમાં તબદીલ કરવામાં આવેલ.**

**(૩) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૨૯/૦૧/૧૬ના ટીડીઓ/આર.ટી.આઈ. નં.: ૯૦૯ થી અરજદારશ્રીને જવાબ પાઠવવામાં આવેલ.**

**(૪) અરજદારશ્રી આર. વી. મેંદપરા ધ્વારા તા.૧૭/૦૨/૧૬ થી નકલ ચાર્જ ભરપાઈ કરેલ**

**(૫) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૨૪/૦૨/૧૬ ના પત્રનં.: ટીડીઓ/આરટીઆઈ/૯૫૩ થી માહિતી પુરી પાડવામાં આવેલ.**

**(૬) "નમુના–ક" માં અરજદારશ્રી આર. બી. મેંદપરા ધ્વારા તા.૦૪/૦૪/૧૬ થી અત્રેના મધ્યસ્થ શહેર વિકાસ ખાતામાં પ્રથમ અપીલ અરજી રજુ કરવામાં આવેલ.**

**(૭) અપીલ અધિકારી અને નગર નિયોજકશ્રી ધ્વારા અરજાદરશ્રીને તા.૨૫/૦૪/૨૦૧૬ ના રોજ રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા બાબતના પત્ર ક્રમાંક નં. ટીડીઓ/અપીલ/૦૯, તા.૧૮/૦૪/૧૬**

અરજદારશ્રી આર. વી. મેંદપરા ધ્વારા સંદર્ભ (૧) હેઠળના તા.૦૭/૦૧/૨૦૧૬ થી વરાછા ઝોન કચેરીમાં અરજી કરવામાં આવેલ. સદર અરજી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, વરાછા ઝોન કચેરી ધ્વારા સંદર્ભ (૨) હેઠળના તા.૧૩/૦૧/૧૬ થી અત્રેની કચેરીમાં તબદીલ કરવામાં આવેલ. (જે અત્રે ટીડીઓ/આઈ.ડી. નં.: ૭૨૭, તા.૨૦/૦૧/૧૬ થી નોંધાયેલ.)સદર અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૩) હેઠળના તા.૨૯/૦૧/૨૦૧૬ થી અરજદારશ્રીને નકલ ચાર્જ ભરપાઈ કરી માહિતી મેળવી લેવા જવાબ

પાઠવવામાં આવેલ. ત્યારબાદ અરજદારશ્રી ધ્વારા સંદર્ભ (૪) હેઠળના પત્રથી નકલ ચાર્જ ભરપાઈ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૫) હેઠળના તા.૨૪/૦૨/૧૬ થી નકલો પુરી પાડવામાં આવેલ. ત્યારબાદ અરજદાર ધ્વારા સંદર્ભ (૬) હેઠળના તા.૦૪/૦૪/૨૦૧૬ થી અત્રેની કચેરીમાં પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ.

સદર અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને નગર નિયોજકશ્રી ધ્વારા સંદર્ભ(૭) હેઠળના તા.૧૮/૦૪/૨૦૧૬ થી અરજદાર તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૨૫/૦૪/૧૬ ના રોજ  સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવવામાં આવેલ જેમાં અરજદારશ્રી હાજર રહેલ ન હતા અને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ હાજર રહીને અરજદારશ્રીની માહિતી માંગતી તા.૦૭/૦૧/૨૦૧૬ ની અરજી અન્વયે અત્રેથી સંદર્ભ (૩) હેઠળના પત્રથી અત્રેના વિભાગને લગતી  માહિતી અન્વયે  સમયમર્યાદામાં માંગ્યા મુજબ મુદ્દાસર જવાબ પાઠવવામાં આવેલ  અને જેના અનુસંધાને સંદર્ભ (૫) હેઠળના પત્રથી આવેલ નકલોમાં માંગ્યા મુજબની માહિતી ઉપલબ્ધ હોવાની સ્પષ્ટતા કરવામાં આવેલ છે. ઉપરોકત વિગતો ધ્યાને લઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

**અરજદારશ્રી આર. વી. મેંદપરા ધ્વારા આર.ટી.આઈ. એકટ, ૨૦૦૫ હેઠળની તા.૦૭/૦૧/૧૬ ની મુળ અરજી અન્વયે કરેલ રજુઆત સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણીમાં જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી હાજર રહી  કરેલ રજુઆત સાંભળ્યા બાદ અરજદારશ્રીને તેઓની માહિતી માંગતી તા.૦૭/૦૧/૨૦૧૬ ની મુળ અરજી અન્વયે અત્રેથી સંદર્ભ (૩) હેઠળના પત્રથી નિયત સમયમર્યાદામાં જવાબ આપવામાં આવેલ છે તથા સંદર્ભ (૫) હેઠળના પત્રથી માહિતી / નકલો પણ પુરી પાડવામાં આવેલ છે. જે રેકર્ડ માંથી માહિતી તારવી લેવાની હોય છે. આમ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી એ નિયત સમયમર્યાદામાં જવાબ પાઠવેલ હોવાથી કોઈ હુકમ કરવાનો થતો નથી, જે ધ્યાને લેતા અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.**

**નગર નિયોજક**
**સુરત મહાનગરપાલિકા**
**અપીલ અધિકારી અને**

**પ્રતિ,**

**(૧) શ્રી આર. બી. મેંદપરા, એફ/૮/૯/૧૦, બેજનવાલા કોમ્પલેક્ષ,  તાડવાડી, રાંદેર રોડ, સુરત ..... આપની અપીલ અરજી સામે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ છે.  જાણ સારૂ.**

**અપીલ અધિકારી અને**
**નગર નિયોજક**
**સુરત મહાનગરપાલિકા**

મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૧૭
તા.૩૧–૦૫–૨૦૧૬

**અપીલ અરજી તા.૦૬/૦૫/૨૦૧૬,**

**અરજદારશ્રી :– શ્રી પીનલભાઈ ફકીરચંદ તોલાટ**

**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

વિષય :– **રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી પીનલભાઈ ફકીરચંદ તોલાટની તા.૦૪–૦૪–૧૬ ની આઈ.ડી નં૧૬ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભ :–(૧) અરજદારશ્રી પીનલભાઈ ફકીરચંદ તોલાટની તા.૦૪/૦૪/૧૬ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.: ૧૬ થી સેન્ટ્રલ ઝોન કચેરીમાં અરજી કરવામાં આવેલ.**

**(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી ધ્વારા તેમના પત્રનં.: ૧૫૧, તા.૧૮/૦૪/૨૦૧૬ થી અત્રે મધ્યસથ શહેર વિકાસ ખાતામાં તબદીલ કરવામાં આવેલ. (જે અત્રે ટીડીઓ/આઈ.ડી. નં.: ૬૧ થી નોંધાયેલ)**

**(૩) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૨૭/૦૪/૧૬ ના પત્ર ટીડીઓ/આરટી.આઈ નં.: ૧૦૪ થી અરજદારશ્રીને જવાબ પાઠવવામાં આવેલ.**

**(૪)"નમુનો–જ" માં અરજદારશ્રી પિનલ તોલાટ ધ્વારા તા.૦૬/૦૫/૧૬ ના રોજ મધ્યસ્થ શહેર વિકાસ ખાતામાં રજુ કરેલ પ્રથમ અપીલ અરજી. (જે ટીડીઓ/અપીલ નં.: ૦૪ થી નોંધાયેલ)**

**(૫) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રી પીનલ ફકીરચંદ તોલાડને તા.૨૭–૦૫–૧૬ ના રોજ રૂબરુ સુનાવણીમાં હાજર રહેવા ટીડીઓ/અપીલનં ૧૪, તા.૧૦–૦૫–૧૬ થી પત્ર પાઠવવમાં આવેલ.**

અરજદારશ્રી પીનલ ફકીરચંદ તોલાટ ધ્વારા સંદર્ભ (૧) હેઠળથી સેન્ટ્રલ ઝોન કચેરીમાં અરજી કરવામાં આવેલ. સદર અરજી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા સંદર્ભ (૨) હેઠળના તા.૧૮/૦૪/૨૦૧૬ થી અત્રેની કચેરીમાં તબદીલ કરવામાં આવેલ. જે ટીડીઓ/આઈ.ડી. નં.: ૬૧ થી નોંધાયેલ. જે અન્વયે મધ્યસ્થ શહેર વિકાસ ખાતાને લગતી માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૩) હેઠળના તા.૨૭/૦૪/૧૬ ના પત્રથી અરજદારશ્રીને પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ. અરજદારશ્રી ઉકત જવાબથી નારાજ થઈ સંદર્ભ (૪) હેઠળના પત્રથી મધ્યસ્થ શહેર વિકાસ ખાતામાં પ્રથમ અપીલ અરજી રજુ કરેલ. જે અત્રે ટીડીઓ/અપીલ નં.: ૪ થી નોંધાયેલ.

સદર અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને નગર નિયોજકશ્રી ધ્વારા સંદર્ભ(૫) હેઠળના પત્રથી પીનલભાઈ ફકીરચંદ તોલાટ તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૨૭/૦૫/૧૬ ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને નગર નિયોજકશ્રી સમક્ષ

હાજર રહેવા જણાવવામાં આવેલ. જે અન્વયે અરજદારશ્રીએ હાજર રહીને પટવા મસ્જીદની બાજુમાં જુના બંબાખાના તરીકે જાહેર સ્તો કે હાલમાં પઠવા મસ્જીદના કબજામાં છે તે પટવા મસ્જીદને ફાળવેલ તેની વિગતોની રજુઆત કરેલ છે અને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજદારશ્રીની માહિતી માંગતી અરજી અન્વયે સંદર્ભ (૩) હેઠળના પત્રથી જવાબ પાઠવવામાં આવેલ હોવાની સ્પષ્ટતા કરેલ. અરજદારશ્રી ધ્વારા તેમને તમામ વિગતો / માહિતી આપેલ ન હોવાનું જણાવેલ, જાહેર માહિતી અધિકારીશ્રીના પ્રતિનિધિએ જણાવ્યુ છે કે મધ્યસ્થ શહેર વિકાસ ખાતાને મુદ્દાનં.: (૨)લાગુ પડે છે અને તેનો જવાબ અરજદારને કરવામાં આવેલ છે બાકીના મુદ્દા બાબતે સંબંધિત ખાતા / ઝોનમાં અરજી તબદીલ કરવામાં આવેલ છે જેની મધ્યસ્થ શહેર વિકાસ ખાતાને જવાબ આપવાનો રહેતો નથી. ઉપરોકત વિગતો ધ્યાને લઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

**અરજદારશ્રી પિનલ તોલાટ ધ્વારા આર.ટી.આઈ. એકટ, ૨૦૦૫ હેઠળની તા.૦૪/૦૪/૨૦૧૬ ની આઈ.ડી. નં.૧૬ ની મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીના પ્રતિનિધિ ધ્વારા સુનાવણીમાં હાજર રહી અરજદારશ્રીને તેઓની માહિતી માંગતી તા.૦૪/૦૪/૨૦૧૬ ની મુળ અરજી અન્વયે અરજદારશ્રીને તા.૨૭/૦૪/૨૦૧૬ ના રોજ નિયત સમયમર્યાદામાં મધ્યસ્થ શહેર વિકાસ ખાતાને લગતી માહિતી અંગે જવાબ પાઠવવામાં આવેલ હોવાનું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ મુદ્દાનં.: (૨) ના જવાબ પાઠવેલ છે જે બાબતે અરજદારે વાંધો / વિરોધ હોવાનું જણાવેલ નથી. અરજદારશ્રીની રજુઆત મુજબના મુદ્દા નં. (૩)ની વિગતોનો રેકર્ડ મધ્યસ્થ શહેર વિકાસ ખાતાને સ્પર્શતી નથી જેથી મુદ્દા નં. (૩) ની વિગતો / માહિતી જે તે સંબંધિત વિભાગ / ઝોન કચેરીને સ્પર્શતી હોવાથી જે તે સંબંધિત વિભાગ / ઝોન કચેરી માંથી મેળવવા સ્વતંત્ર છે. જે ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. આમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.**

**અપીલ અધિકારી અને**
**નગર નિયોજક**
**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિ,**

**(૧) શ્રી પિનલ તોલાટ, અમીધારા એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકાની બાજુની શેરી, નાણાવટ, સુરત...... આપની અપીલ અરજી સામે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ છે. જાણ સારૂ.**

**અપીલ અધિકારી અને**
**નગર નિયોજક**
**સુરત મહાનગરપાલિકા**

મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૩

---

**નં.ટી.ડી.ઓ/અપીલ/૩૨**
**તા.૨૧–૦૬–૨૦૧૬**

**અપીલ અરજી તા.૦૩–૦૫–૨૦૧૬,**

**અરજદારશ્રી :– શ્રી કૃણાલ ભાઈદાસ સોનવણે**

**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

**વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી કૃણાલ ભાઈદાસ સોનવણેની તા.૨૯/૦૨/૧૬ ની આઈ.ડી નં ૨૮૬૫ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભ :–(૧) અરજદાર શ્રી કૃણાલ ભાઈદાસ સોનવણેની તા.૨૯/૦૨/૧૬ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.: ૨૮૬૫ થી મધ્યસથ કચેરીમાં અરજી કરવામાં આવેલ.**

**(૨) જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્કશ્રી, મધ્યસથ કચેરી ધ્વારા પત્રનં.: ૩૨, તા.૦૪/૦૫/૨૦૧૬ થી લિંબાયત ઝોન કચેરીમાં તબદીલ કરવામાં આવેલ.**

**(૩) "નમુના–ક" માં અરજદારશ્રી કૃણાલ ભાઈદાસ સોનવણે ધ્વારા તા.૦૩/૦૫/૧૬ થી લિંબાયત ઝોન કચેરીમાં પ્રથમ અપીલ અરજી રજુ કરવામાં આવેલ.**

**(૪) અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, લિંબાયત ઝોન ધ્વારા પત્રનં.: ૫૭, તા.૧૦/૦૫/૨૦૧૬ થી અત્રે અપીલ અરજી તબદીલ કરવામાં આવેલ. (જે ટીડીઓ/અપીલ નં.: ૫ થી નોંધવામાં આવેલ.)**

**(૫) નગર નિયોજકશ્રી ધ્વારા અરજાદરશ્રીને તા.૦૯/૦૬/૨૦૧૬ ના રોજ રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા બાબતના પત્ર ક્રમાંક નં. ટીડીઓ/અપીલ/૨૦, તા.૦૩/૦૬/૨૦૧૬**

અરજદારશ્રી કૃણાલ ભાઈદાસ સોનવણે ધ્વારા સંદર્ભ (૧) હેઠળના તા.૨૯/૦૨/૨૦૧૬ થી મધ્યસ્થ કચેરીમાં અરજી કરવામાં આવેલ. સદર અરજી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્કશ્રી ધ્વારા સંદર્ભ (૨) હેઠળના તા.૦૪/૦૫/૧૬ થી લિંબાયત ઝોન કચેરીમાં તબદીલ કરવામાં આવેલ. જે અત્રેની કચેરીમાં મળેલ / નોંધાયેલ નથી. અરજદારશ્રી ધ્વારા સંદર્ભ (૩) હેઠળના તા.૦૩/૦૫/૧૬ થી લિંબાયત ઝોન કચેરીમાં અરજી કરવામાં આવેલ. સદર અરજી કાર્યપાલક ઈજનેર અને એપેલેટ ઓફિસરશ્રી ધ્વારા સંદર્ભ (૪) હેઠળના તા.૧૦/૦૫/૨૦૧૬ થી અત્રે તબદીલ કરવામાં આવેલ. જે ટીડીઓ/અપીલ નં.:૨૦ થી નોંધવામાં આવેલ.

સદર અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને નગર નિયોજકશ્રી ધ્વારા સંદર્ભ(૫) હેઠળના તા.૦૯/૦૬/૧૬ થી અરજદાર તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને

તા.૦૯/૦૬/૨૦૧૬ ના રોજ  સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવવામાં આવેલ જેમાં અરજદારશ્રી હાજર રહેલ ન હતા અને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ હાજર રહીને અરજદારશ્રીની આર.ટી.આઈ. એકટ હેઠળની મુળ અરજી અત્રેની કચેરીમાં મળેલ નથી. ઉપરોકત વિગતો ધ્યાને લઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

**અરજદારશ્રી કૃણાલ ભાઈદાસ સોનવણે ધ્વારા આર.ટી.આઈ. એકટ ૨૦૦૫ હેઠળની તા.૨૯/૦૨/૨૦૧૬ ની મુળ અરજી અન્વયે  અરજદારે  તા.૦૩/૦૫/૨૦૧૬ ના રોજ કરેલ  અપીલ અરજી બાબતે  રૂબરૂ રજુઆત  કરવા  અરજદારશ્રીને મારી સમક્ષ  તા.૦૯/૦૬/૨૦૧૬ ના રોજ રૂબરૂ હાજર રહેવા જણાવેલ પરંતુ અરજદાર હાજર રહેલ નથી.  જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના.  શહેર વિકાસ અધિકારીશ્રીએ સુનાવણીમાં સદર દિવસે  હાજર રહી, અરજદારશ્રીની મુળ  અરજી (આઈ.ડી. નં.: ૨૮૬૫) જે તે સમયે  મધ્યસ્થ શહેર વિકાસ ખાતામાં તબદીલ થયેલ નથી જે  બાબતે  રેકર્ડ  પણ  ચકાસેલ છે. પરંતુ હાલ  અપીલ  અરજી સાથે  સદર  અરજી બિડાણ તરીકે  અત્રે  પ્રાપ્ત થયેલ  છે. એવી રજુઆત કરેલ છે. જે ધ્યાને લેતા  અરજદારશ્રીની મુળ અરજી, સાઉથ—ઈસ્ટ ઝોન તરફથી  જે તે સમયે  તબદીલ જ નહી થયેલ હોવાથી  અરજદારને  માહિતી મળેલ ન હોવાથી  હવે અરજદારને  તેમની  મુળ અરજી અન્વયેની  માહિતી નિયમાનુસાર પુરી પાડવા  જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને હુકમ કરવામાં આવે છે. આમ, અપીલ  અરજીનો નિકાલ કરવામાં આવે છે.**

**અપીલ અધિકારી અને**
**નગર નિયોજક**
**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિ,**

**(૧) શ્રી કૃણાલ ભાઈદાસ સોનવણે, ૨, રિધ્ધી સિધ્ધી એપાર્ટમેન્ટ, રોડ નં.: ૩, ઉધના, ઉદ્યોગનગર, સુરત ..... આપની અપીલ અરજી સામે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ છે.  જાણ સારૂ.**

અપીલ અધિકારી અને
નગર નિયોજક
સુરત મહાનગરપાલિકા

મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૪૬
તા.૧૨–૦૭–૨૦૧૬

**અપીલ અરજી તા.૧૧–૦૫–૨૦૧૬,**
**અરજદારશ્રી :– શ્રી હરેશ દલપતભાઈ પરમાર**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

**વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી હરેશ દલપતભાઈ પરમારની તા.૨૮–૦૩–૧૫ ની આઈ.ડી નં ૩૧૬૧ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભ :–(૧) અરજદાર શ્રી હરેશ દલપતભાઈ પરમારની તા.૨૮/૦૩/૧૬ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.: ૩૧૬૧ થી સેન્ટ્રલ ઝોન કચેરીના નાગરીક સુવિધા કેન્દ્રમાં અરજી કરવામાં આવેલ.**

**(૨) જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસીસ્ટન્ટ, નાગરીક સુવિધા કેન્દ્ર ધ્વારા પત્રનં.: ૧૯૧૪, તા.૨૯/૦૩/૨૦૧૬ થી વરાછા ઝોન કચેરીમાં તબદીલ કરવામાં આવેલ.**

**(૩) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, વરાછા ઝોન કચેરી ધ્વારા તા.૦૫/૦૪/૨૦૧૬ ના પત્રનં.: ૩૩ થી અત્રેની કચેરીમાં તબદીલ કરવામાં (જે મધ્યસ્થ શહેર વિકાસ ખાતામાં નં.: ૩૧ થી નોંધાયેલ.)**

**(૪) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૨૭/૦૪/૧૬ના ટીડીઓ/આર.ટી.આઈ. નં.: ૧૦૭ થી અરજદારશ્રીને જવાબ પાઠવવામાં આવેલ.**

**(૫) "નમુના–ક" માં અરજદારશ્રી હરેશ દલપતભાઈ પરમાર ધ્વારા તા.૧૧/૦૫/૨૦૧૬ થી અત્રેના મધ્યસ્થ શહેર વિકાસ ખાતામાં પ્રથમ અપીલ અરજી રજુ કરવામાં આવેલ. (જે ટીડીઓ/અપીલ નં.: ૬ થી નોંધવામાં આવેલ.)**

**(૬) અપીલ અધિકારી અને નગર નિયોજકશ્રી ધ્વારા અરજાદરશ્રીને તા.૨૬/૦૫/૨૦૧૬ ના રોજ રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા બાબતના પત્ર ક્રમાંક નં. ટીડીઓ/અપીલ/૧૫, તા.૧૮/૦૫/૧૬.**

અરજદારશ્રી હરેશ દલપતભાઈ પરમાર ધ્વારા સંદર્ભ (૧) હેઠળના તા.૨૮/૦૩/૨૦૧૬ થી સેન્ટ્રલ ઝોન કચેરીના નાગરીક સુવિધા કેન્દ્રમાં અરજી કરવામાં આવેલ. સદર અરજી જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસીસ્ટન્ટ, નાગરીક સુવિધા કેન્દ્ર ધ્વારા સંદર્ભ (૨) હેઠળના તા.૨૯/૦૩/૧૬ થી વરાછા ઝોન કચેરીમાં તબદીલ કરવામાં આવેલ. ત્યારબાદ જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, વરાછા ઝોન કચેરી ધ્વારા સંદર્ભ (૩) હેઠળના તા.૦૫/૦૪/૨૦૧૬ થી અત્રેની કચેરીમાં તબદીલ કરવામાં આવેલ. સદર અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ સંદર્ભ (૪) હેઠળના તા.૨૭/૦૪/૨૦૧૬ થી અરજદારશ્રીની માહિતી માંગતી અરજી અન્વયે નકલ ચાર્જ ભરપાઈ કરી માહિતી મેળવી લેવા જણાવવામાં આવેલ. જે આજદિન સુધી અરજદારશ્રી ધ્વારા ભરપાઈ કરવામાં આવેલ નથી. જે પ્રત્યુત્તરથી અરજદારશ્રી નારાજ થઈ સંદર્ભ (૫) હેઠળના તા.૧૧/૦૫/૧૬ થી અત્રેના મધ્યસ્થ શહેર વિકાસ ખાતામાં પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ. જે ટીડીઓ/અપીલ નં.: ૬ થી નોંધવામાં આવેલ.

સદર અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને નગર નિયોજકશ્રી ધ્વારા સંદર્ભ(૬) હેઠળના તા.૧૮/૦૫/૨૦૧૬ થી અરજદાર તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૨૬/૦૫/૧૬ ના રોજ  સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવવામાં આવેલ જેમાં અરજદારશ્રી હાજર રહી તેઓએ કરેલ આર.ટી.આઈ. એકટ હેઠળની અરજી અન્વયે પ્રત્યુત્તર મળેલ ન હોવાની રજુઆત કરેલ અને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ મૂળ અરજી અન્વયે અરજદારશ્રીને નિયત સમસમર્યાદામાં માહિતી મેળવવા અંગે નકલ ચાર્જ ભરપાઈ કરવા સંદર્ભ (૪) હેઠળના પત્રથી જણાવવામાં  ટપાલ મારફત વારંવાર જતા ઘર બંધ હોવાથી પત્ર પરત મળેલ જે અંગેની સ્પષ્ટતા કરવામાં આવેલ છે. આ બાબતની જાણ લઈને અરજદારે રૂબરૂમાં જવાબની નકલ સ્વીકારેલ છે અને આ પત્ર મેળવી તેઓને સંતોષ હોવાનું અરજદારે  લખી આપેલ છે. ઉપરોકત વિગતો ધ્યાને લઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

**અરજદારશ્રી હરેશ દલપતભાઈ પરમાર ધ્વારા આર.ટી.આઈ. એકટ, ૨૦૦૫ હેઠળની તા.૨૮/૦૩/૨૦૧૬ ની મુળ અરજી અન્વયે કરેલ રજુઆત સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી સુનાવણીમાં હાજર રહી  કરેલ રજુઆત સાંભળ્યા બાદ અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી અન્વયે નિયત સમસમર્યાદામાં નકલ ચાર્જ ભરપાઈ કરી માહિતી મેળવી લેવા જણાવવામાં આવેલ જે અરજદારશ્રીને પ્રત્યુત્તર મળેલ  ન હોવાની રજુઆત ધ્યાને લઈ  તેમને હાથો–હાથ પત્રની  નકલ આપવામાં આવેલ છે.  નકલ મળેલ હોવાનું તથા તેમને સંતોષ હોવાનું પણ અરજદારે લખી આપેલ છે. વધુમાં અરજદારશ્રીને  નકલ ચાર્જ ભરપાઈ કર્યેથી માહિતી / નકલો પુરી પાડવા અંગે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને હુકમ કરવામાં આવે છે. આમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.**

**અપીલ અધિકારી અને**
**નગર નિયોજક**
**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિ,**

**(૧) શ્રી હરેશ દલપતભાઈ પરમાર, ફલેટ નં.: ૩૦૭, ત્રીજો માળ,  રામેશ્વર એપાર્ટમેન્ટ, ગાયત્રી સોસાયટી–૧, ઉધના, સુરત ..... આપની અપીલ અરજી સામે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ છે.  જાણ સારૂ.**

અપીલ અધિકારી અને
નગર નિયોજક
સુરત મહાનગરપાલિકા

મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૨૬

તા.૧૬–૦૬–૨૦૧૬

**અપીલ અરજી તા.૨૭–૦૫–૨૦૧૬,**

**અરજદારશ્રી :– શ્રી યતિન વી. દુધાત**

**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

**વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી યતિન વી. દુધાતની તા.૩૦/૦૪/૧૬ ની આઈ.ડી નં૧૦૨ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભ :–(૧) અરજદાર શ્રી યતિન વી. દુધાતની તા.૩૦/૦૪/૨૦૧૬ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.:૧૦૨ થી વરાછા ઝોન કચેરીમાં અરજી કરવામાં આવેલ.**

**(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, વરાછા ઝોન કચેરી ધ્વારા પત્ર નં.: ૨૩૪, તા.૧૮/૦૫/૧૬ થી અત્રેની કચેરીમાં તબદીલ કરવામાં આવેલ. (જે ટીડીઓ/આઈ.ડી. નં.: ૧૩૯ થી નોંધાયેલ.)**

**(૩) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૨૧/૦૫/૧૬ના ટીડીઓ/આર.ટી.આઈ. નં.: ૨૮૯ થી અરજદારશ્રીની અરજી અંગે સ્પષ્ટતા કરવા પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ.**

**(૪) "નમુના–ક" માં અરજદારશ્રી યતિન વી. દુધાત ધ્વારા તા.૨૭/૦૫/૧૬ થી અત્રેના મધ્યસ્થ શહેર વિકાસ ખાતામાં પ્રથમ અપીલ અરજી રજુ કરવામાં આવેલ. (જે ટીડીઓ/અપીલ નં.: ૦૭ થી નોંધવામાં આવેલ.)**

**(૫) અપીલ અધિકારી અને નગર નિયોજકશ્રી ધ્વારા અરજાદરશ્રીને તા.૧૩/૦૬/૨૦૧૬ ના રોજ રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા પત્ર પાઠવવામાં આવેલ..**

અરજદારશ્રી યતિન વી. દુધાત ધ્વારા સંદર્ભ (૧) હેઠળના તા.૩૦/૦૪/૨૦૧૬ થી વરાછા ઝોન કચેરીમાં અરજી કરવામાં આવેલ. સદર અરજી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી ધ્વારા સંદર્ભ (૨) હેઠળના તા.૧૮/૦૫/૨૦૧૬ થી અત્રે તબદીલ કરવામાં આવેલ. (જે ટીડીઓ/આઈ.ડી. નં.: ૧૩૯ થી નોંધાયેલ). સદર અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૩) હેઠળના તા.૨૧/૦૫/૧૬ થી અરજદારશ્રીની અરજી અંગે સ્પષ્ટતા કરવા ટી.પી. સ્કીમ, ફા. પ્લોટ, મોજે, રે.સ.નં.: તથા બ્લોક નંબર અન્વયે વિગત જણાવ્યેથી માહિતી આપી શકાશે જે અંગેનો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ. જે પ્રત્યુત્તરથી અરજદારશ્રી નારાજ થઈ

સંદર્ભ (૪) હેઠળના તા.૨૭/૦૫/૧૬ થી અત્રેના મધ્યસ્થ શહેર વિકાસ ખાતામાં પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ. જે ટીડીઓ/અપીલ નં.:૭ થી નોંધવામાં આવેલ.

સદર અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને નગર નિયોજકશ્રી ધ્વારા સંદર્ભ(૫) હેઠળના તા.૧૩/૦૬/૨૦૧૬ ના પત્રથી અરજદાર તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૧૩/૦૬/૨૦૧૬ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવવામાં આવેલ જેમાં અરજદારશ્રી હાજર રહેલ ન હતા અને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ હાજર રહીને અરજદારને નિયત સમયમર્યાદામાં અરજદારશ્રીની આર.ટી.આઈ. એકટ હેઠળની અરજી અન્વયે સ્પષ્ટતા કરવા જણાવવામાં આવેલ. ઉપરોકત વિગતો ધ્યાને લઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

**અરજદારશ્રી યતિન વી. દુધાત ધ્વારા આર.ટી.આઈ. એકટ, ૨૦૦૫ હેઠળની તા.૩૦/૦૪/૨૦૧૬ ની મુળ અરજી અન્વયે કરેલ રજુઆત સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રી હાજર રહેલ નથી જયારે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત સાંભળ્યા બાદ અરજદારશ્રીને તેઓની માહિતી માંગતી તા.૩૦/૦૪/૨૦૧૬ ની મુળ અરજીથી અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી અન્વયે અરજદારશ્રીને નિયત સમય મર્યાદામાં અરજી બાબતે મોજે / ટી.પી. સ્કીમ / ફા. પ્લોટ / રે.સ. નંબર / બ્લોક નંબર જણાવવા પ્રત્યુત્તર પાઠવેલ. જે અરજદારશ્રી ધ્વારા આજદિન સુધી સ્પષ્ટતા કરવામાં આવેલ નથી. અરજદારશ્રી ધ્વારા જરૂરી વિગતો પુરી પાડવામાં આવે તો તેમને માહિતી અધિકાર કાયદાની જોગવાઈઓ હેઠળ યોગ્ય પ્રત્યુત્તર / માહિતી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ પાઠવવાની રહેશે જેની નોંધ જાહેર માહિતી અધિકારીશ્રીએ લેવી તેમજ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને હાલ અન્ય કોઈ હુકમ કરવાનો રહેતો નથી. આમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.**

**અપીલ અધિકારી અને**
**નગર નિયોજક**
**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિ,**

**(૧) શ્રી યતિન વી. દુધાત, ૧૩૨, ઈશ્વરનગર વિભાગ–૧, રણુજાધામ સોસાયટીની બાજુમાં, પુણા ગામ ટુ બોમ્બે માર્કેટ, સુરત પ્રતિ,.. ..... આપની અપીલ અરજી સામે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ છે. જાણ સારૂ.**

**અપીલ અધિકારી અને**
**નગર નિયોજક**
**સુરત મહાનગરપાલિકા**

મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૩

**નં.ટી.ડી.ઓ/અપીલ/૩૯**

**તા.૨૪–૦૬–૨૦૧૬**

**અપીલ અરજી તા.૨૪–૦૫–૨૦૧૬,**

**અરજદારશ્રી :– શ્રી જીગ્નેશ જી. સુતરીયા**

**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

**વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી જીગ્નેશ જી. સુતરીયાની તા.૦૧/૦૪/૧૬ ની આઈ.ડી નં૦૩ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભ :–(૧) અરજદાર શ્રી જીગ્નેશ સુતરીયાની તા.૦૧/૦૪/૧૬ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.: ૦૩ થી સેન્ટ્રલ ઝોન કચેરીના નાગરીક સુવિધા કેન્દ્રમાં અરજી કરવામાં આવેલ.**

**(૨) જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસી., નાગરીક સુવિધા કેન્દ્ર ધ્વારા પત્રનં.: ૩, તા.૦૨/૦૪/૨૦૧૬ થી અત્રેની કચેરીમાં તબદીલ કરવામાં આવેલ. (જે ટીડીઓ/આઈ.ડી. નં.: ૭ થી નોંધાયેલ.)**

**(૩) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૧૯/૦૪/૧૬ના ટીડીઓ/આર.ટી.આઈ. નં.: ૭૭ થી મુદ્દાનં.: (૧) તથા (૭) માટે જાહેર માહિતી અધિકારીશ્રી, આઈ.એસ.ડી. વિભાગ તથા વીજીલન્સ વિભાગમાં તબદીલ કરેલમાં આવેલ.**

**(૪) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૨૫/૦૪/૧૬ના ટીડીઓ/આર.ટી.આઈ. નં.: ૮૫ થી નકલ ચાર્જ ભરપાઈ કરી માહિતી મેળવી લેવા પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ.**

**(૫) અત્રેની કચેરીના પત્રનં.: ટીડીઓ/આરટીઆઈ/૨૩૨, તા.૦૪/૦૫/૧૬ થી નકલો પાઠવવામાં આવેલ.**

**(૬) "નમુના–ક" માં અરજદારશ્રી જીગ્નેશ સુતરીયા ધ્વારા તા.૨૪/૦૫/૧૬ થી અત્રેના મધ્યસ્થ શહેર વિકાસ ખાતામાં પ્રથમ અપીલ અરજી રજુ કરવામાં આવેલ. (જે ટીડીઓ/અપીલ નં.: ૮ થી નોંધવામાં આવેલ.)**

**(૭) અપીલ અધિકારી અને નગર નિયોજકશ્રી ધ્વારા અરજાદરશ્રીને તા.૨૧/૦૬/૨૦૧૬ ના રોજ રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા બાબતના પત્ર ક્રમાંક નં. ટીડીઓ/અપીલ/૨૩, તા.૧૦/૦૬/૧૬ થી જણાવેલ.**

અરજદારશ્રી જીગ્નેશ સુતરીયા ધ્વારા સંદર્ભ (૧) હેઠળના તા.૦૧/૦૪/૨૦૧૬ થી સેન્ટ્રલ ઝોન કચેરીના નાગીરીક સુવિધાકેન્દ્રમાં અરજી કરવામાં આવેલ. સદર અરજી જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસી., નાગરીક સુવિધા કેન્દ્ર ધ્વારા સંદર્ભ (૨) હેઠળના તા.૦૨/૦૪/૧૬ થી અત્રેની કચેરીમાં તબદીલ કરવામાં આવેલ. જે અત્રે ટીડીઓ/આઈ.ડી. નં.: ૭ થી નોંધાયેલ. સદર અરજી અંગે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૩) હેઠળના તા.૧૯/૦૪/૨૦૧૬ ના પત્ર થી અરજદારશ્રીની માહિતી માંગતી અરજીના મુદ્દાનં.: (૧) અંગે જાહેર માહિતી અધિકારીશ્રી, આઈ.એસ.ડી. વિભાગમાં તથા મુદ્દાનં.: (૭) અંગે જાહેર માહિતી

અધિકારીશ્રી વીજીલન્સ ખાતામાં તબદીલ કરવામાં આવેલ. ત્યારબાદ અત્રેના ખાતાને લગતી માહિતી અંગે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૪) હેઠળના તા.૨૫/૦૪/૨૦૧૬ થી અરજદારશ્રીને નકલ ચાર્જ ભરપાઈ કરી માહિતી મેળવી લેવા જણાવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારશ્રી તા.૨૯/૦૪/૨૦૧૬ ના રોજ નકલ ચાર્જ ભરપાઈ કરેલ છે. જેથી અત્રેથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ સંદર્ભ (૫) હેઠળના તા.૦૪/૦૫/૨૦૧૬ ના રોજ અરજદારશ્રીને ટપાલ મારફત નકલો મોકલી આપવામાં આવેલ. ત્યારબાદ અરજદારશ્રી ધ્વારા સંદર્ભ (૬) હેઠળના તા.૨૪/૦૫/૧૬ થી અત્રેના મધ્યસ્થ શહેર વિકાસ ખાતામાં પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ. જે ટીડીઓ/અપીલ નં.:૮ થી નોંધવામાં આવેલ.

સદર અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને નગર નિયોજકશ્રી ધ્વારા સંદર્ભ(૭) હેઠળના તા.૧૦/૦૬/૨૦૧૬ ના પત્રથી અરજદાર તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૨૧/૦૬/૧૬ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવવામાં આવેલ જેમાં અરજદારશ્રી હાજર રહી તેઓએ તેઓની આર.ટી.આઈ. એકટ હેઠળ માંગેલ ૩૦ દિવસમાં નકલો મળેલ ન હોય ભરપાઈ કરેલ નકલ ચાર્જ પરત કરવા તથા માહિતી વિના મુલ્યે આપવા માંગણી કરેલ અને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજદારને નિયત સમયમર્યાદામાં તેઓની આર.ટી.આઈ. એકટ હેઠળની અરજી અન્વયે અત્રેથી સંદર્ભ (૫) હેઠળના પત્રથી જવાબ પાઠવવામાં આવેલ જે અન્વયે અરજદારે તા.૨૯/૦૫/૨૦૧૬ થી નાણાં ભરપાઈ કરેલ હોય, સંદર્ભ (૬) હેઠળના પત્રથી માંગેલ માહિતી નકલો ટપાલ મારફતે મોકલી આપવામાં આવેલ હોવાની સ્પષ્ટતા કરવામાં આવેલ છે. ઉપરોકત વિગતો ધ્યાને લઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

**અરજદારશ્રી જીગ્નેશ સુતરીયા ધ્વારા આર.ટી.આઈ. એકટ, ૨૦૦૫ હેઠળની તા.૦૧/૦૪/૨૦૧૬ ની મુળ અરજી અન્વયે કરેલ રજુઆત સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રી હાજર રહી તેઓને નકલ ચાર્જ ભરપાઈ કરેલ હોવા છતા માહિતી મળેલ ન હોવાની રજુઆત કરેલ અને તેઓએ ભરપાઈ કરેલ રકમ પરત આપવા જણાવેલ. જયારે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજદારશ્રીને તેઓની માહિતી માંગતી તા.૦૧/૦૪/૨૦૧૬ ની મુળ અરજીથી અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી અન્વયે અત્રેથી સંદર્ભ (૪) હેઠળના પત્રથી પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ અને જેના અનુસંધાને અત્રે સંદર્ભ (૫) હેઠળના પત્રથી અરજદારશ્રીને તેઓના સરનામે ટપાલ મારફતે નકલો મોકલી આપેલ. જેથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને કોઈ હુકમ કરવાનો રહે નથી. આમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.**

**અપીલ અધિકારી અને**
**નગર નિયોજક**
**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિ,**

**(૧) શ્રી જીગ્નેશ સુતરીયા, એ—૮૦૧, પ્લેટીનમ હાઈટસ, ઉત્રાણ, પાવરહાઉસ સામે, સુરત ..... આપની અપીલ અરજી સામે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ છે. જાણ સારૂ.**

અપીલ અધિકારી અને
નગર નિયોજક
સુરત મહાનગરપાલિકા

મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૪૫
તા.૦૮–૦૭–૨૦૧૬

**અપીલ અરજી તા.૦૭/૦૬/૨૦૧૬,**

**અરજદારશ્રી :– શ્રી જસવંતસિંહ એ. બ્રહમભટ્ટ**

**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી,**

<u>ફરીયાદીની હકીકત :–</u>

વિષય :– માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળ શ્રી જસવંતસિંહ એ. બ્રહમભટ્ટ ધ્વારા નોંધવવામાં આવેલ પ્રથમ અપીલ.

સંદર્ભ :–(૧) અરજદારશ્રી જસવંતસિંહ એ.બ્રહમભટ્ટની તા.૦૪/૦૫/૧૫ ના આઈ.ડી. નં.:૧૨૯ થી રાંદેર ઝોન ખાતે કરેલ અરજી. (ટીડીઓ/આઈ.ડી. નં.૧૪૫, તા.૨૩/૦૫/૨૦૧૬)

(૨) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર,પશ્ચિમ ઝોન (રાંદેર) નો પત્ર ક્રમાક RTI CELL W.Z.NO.344, તા.૨૧/૦૫/૧૬.

(૩) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીના પત્ર ક્રમાંક નં.: ટીડીઓ/આરટીઆઈ/૩૧૭, તા.૦૨/૦૬/૨૦૧૬.

(૪) અરજદારશ્રી ધ્વારા તા.૦૭/૦૬/૧૬ થી માહિતી અધિકાર અધીનીયમ –૨૦૦૫ની જોગવાઈ અનુસાર નોંધવામાં આવેલ પ્રથમ અપીલ અરજી નં.૦૯.

(૫) અપીલ અધિકારી અને નગર નિયોજકના પત્ર ક્રમાંક નં.ટીડીઓ/અપીલ/૩૩, તા.૨૨/૦૬/૧૬.

અરજદારશ્રી જસવંતસિંહ એ.બ્રહમભટ્ટ ધ્વારા ટી.પી.સ્કીમ નં.૧૪ (રાંદેર–અડાજણ) ફા.પ્લોટ નં.૩૧/પૈકી વાળી જગ્યા બાબતે સંદર્ભ (૧) હેઠળના પત્રથી પશ્ચિમ ઝોન (રાંદેર) ખાતે કરવામાં આવેલ અરજી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર,પશ્ચિમ ઝોન (રાંદેર) ઝોન ધ્વારા તેઓના સંદર્ભ (૨) હેઠળના પત્રથી અરજીના મુદ્દા નં.(૧), (૩), (૪) અને (૫) અન્વયે અરજદારને જવાબ પાઠવવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ને તબદીલ કરવામાં આવેલ જે અત્રેની કચેરીએ ટીડીઓ/આઈ.ડી નં.૧૪૫ થી નોંધાયેલ છે. જે અન્વયે ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકા ધ્વારા સંદર્ભ (૩) હેઠળના પત્રથી મુદ્દા નં.(૧) અને (૩) ની માહિતી અન્વયે ચોકકસ કઈ માહિતીની જરૂર છે તે બાબતે સ્પષ્ટતા કરવા તથા મુદ્દા નં.૫ ની માહિતી બાબતે જરૂરી ફી ભરપાઈ કરી નકલો મેળવવા જણાવવામાં આવેલ જેથી નારાજ થઈ અરજદારશ્રીએ અપીલ સત્તાધીકારી સામે અપીલ દાખલ કરેલ છે. જે ટીડીઓ/અપીલ/૯, તા.૦૭/૦૬/૧૬ થી નોંધાયેલ છે.

સદર અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને નગર નિયોજકશ્રી ધ્વારા સંદર્ભ(૫) હેઠળના પત્રથી અરજદાર તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૦૫/૦૭/૨૦૧૬ ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવવામાં આવેલ, જે દરમ્યાન અરજદાર તથા જાહેર માહિતી અધિકારી અપીલ સત્તાધિકારી સમક્ષ હાજર રહેલ. રૂબરૂ રજુઆત દરમ્યાન અરજદારે પ્રશ્નવાળી મિલ્કતમાં સ્થળ પર બાંધકામ થયેલ હોવાનું જણાવી તે બાબતેની માહિતી છુપાવેલ હોવાની રજુઆત કરેલ જે અન્વયે જાહેર માહિતી અધિકારી

અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ તેઓ તા.૦૨/૦૬/૧૬ના પત્રથી પ્રત્યુત્તર પાઠવ્યા મુજબ પ્રશ્નવાળી જગ્યામાં તે સમયે મંજુર અને અમલી પ્લાનોની નકલ જરૂરી ફી ભરપાઈ કરી મેળવી શકે છે તથા જાહેર માહિતી અધિકારીશ્રીએ એમ પણ જણાવેલ છે કે જયારે જવાબ આપવામાં આવેલ તે તારીખે પ્રશ્નવાળી જગ્યામાં રીવાઈઝડ પ્લાનોની વિકાસ પરવાનગીની અરજી પ્રગતિ હેઠળ હતી તથા સંદર્ભ (૨) હેઠળ તા.૦૨/૦૬/૧૬ના રોજના પ્રત્યુત્તર/ જવાબ પાઠવ્યા બાદ તા.૧૩/૦૬/૨૦૧૬ ના રોજ સક્ષમ સત્તા ધ્વારા નિયમાનુસાર રીવાઈઝડ વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે. જેથી અરજદારશ્રી હાલમાં આપવામાં આવેલ રીવાઈઝડ વિકાસ પરવાનગીની વિગતો / માહિતી મેળવવા માંગતા હોય તો તેઓ માહિતી અધિકાર અધિનિયમ –૨૦૦૫ની જોગવાઈ અનુસાર નવી અરજી કરી મેળવી શકે છે અગર તો મંજુર નકશાની નકલ આર.ટી.આઈ. ની જોગવાઈ હેઠળ નાણા ભરીને મેળવી શકતા હોવાની રજુઆત કરવામાં આવેલ છે.

**–:: હુકમ ::–**

**અરજદારશ્રી જસવંતસિંહ એ. બ્રહમભટ્ટ ધ્વારા માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળની તા.૦૪/૦૫/૧૬ ની મુળ અરજી અન્વયે તા.૦૭/૦૬/૧૬ થી નોંધવામાં આવેલ પ્રથમ અપીલ અરજી સંદર્ભે તા.૦૫/૦૭/૧૬ના રોજ થયેલ રૂબરૂ સુનાવણીમાં હાજર રહેલ અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા કરેલ રજુઆત સાભળ્યા બાદ અરજાદરશ્રીની માહિતી મેળવવા બાબતની મુળ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ નિયત સમય મર્યાદામાં ઉપલબ્ધ રેકર્ડ અનુસારની માહિતી/વિગતો મેળવવા જરૂરી ફી ભરપાઈ કરવા અરજદારશ્રીને પ્રત્યુત્તર પાઠવેલ છે. જે ધ્યાને લેતા તેઓએ માહિતી છુપાવી હોવાનું જણાતુ નથી. વધુમાં અરજદારે ઈચ્છે તો જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીનો સંપર્ક કરી જરૂરી ફી ભરપાઈ કરી પ્રશ્નવાળી મિલ્કતમાં મંજુર થયેલ રીવાઈઝડ પ્લાનોની નકલ મેળવી શકે છે.**

**અપીલ અધિકારી અને**
**નગર નિયોજક**
**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિ,**

**(૧) શ્રી જસવંતસિંહ એ. બ્રહમભટ્ટ, બી–૪૩, ટ્રેડ હાઉસ, માનદરવાજા સામે, રીંગરોડ, સુરત..... આપની અપીલ અરજી સામે હુકમ કરવામાં આવેલ છે. જાણ સારૂ.**

**અપીલ અધિકારી અને**
**નગર નિયોજક**
**સુરત મહાનગરપાલિકા**

મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૩

**નં.ટી.ડી.ઓ/અપીલ/૪૯**
**તા.૦૮–૦૭–૨૦૧૬**

**અપીલ અરજી તા.૧૪–૦૬–૨૦૧૬,**

**અરજદારશ્રી :– શ્રી સી. જી. પરમાર**

**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

**વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી સી. જી. પરમારની તા.૨૧/૦૫/૨૦૧૬ ની આઈ.ડી નં ૪૧૫ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભ :–(૧) અરજદાર શ્રી સી. જી. પરમારની તા.૨૧/૦૫/૧૬ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.: ૪૧૫ થી નાગરીક સુવિધા કેન્દ્રમાં અરજી કરવામાં આવેલ.જે અત્રેના ખાતામાં ટીડીઓ/નં.૧૪૮ તા.૨૪/૦૫/૨૦૧૬ થી નોંધવામાં આવેલ છે.**

**(૨) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૩૦/૦૫/૧૬ના ટીડીઓ/આર.ટી.આઈ. નં.: ૩૦૮ થી સેન્ટ્રલ ઝોનમાં આંશિક અરજી તબદીલ કરવામાં આવેલ.**

**(૩) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ના તા.૩૦/૦૫/૨૦૧૬ ના પત્ર નં. ટીડીઓ/આ.ટી.આઈ./૩૦૯ થી અરજદારને જાણ કરી મિલ્કતનું ચોકકસ વર્ણન જેવુ કે વાર્ડ નં.,સી.સ.નં. સહિતની માહિતી પુરી પાડવા જાણ કરવામાં આવેલ.**

**(૪) અરજદાર ધ્વારા તેમના તા.૦૬/૦૬/૨૦૧૬ ના પત્રથી મિલ્કતનું ચોકકસ સી.સ. નં. સાથેનું વર્ણન આપેલ ન હતુ. પરંતુ મિલ્કતની આજુબાજુની મિલ્કતનું વર્ણન આપેલ છે.**

**(૫) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા મળેલ રેકર્ડ મુજબની મિલ્કત અંગે તા.૧૦/૦૬/૧૬ના ટીડીઓ/ આર.ટી.આઈ. નં.: ૩૩૮ થી પ્રત્યુત્તર આપવામાં આવેલ છે.**

**(૬) નમુના –"જ" માં અરજદારશ્રી સી. જી. પરમાર ધ્વારા તા.૧૪/૦૬/૨૦૧૬ ના રોજ અત્રેના મધ્યસ્થ શહેર વિકાસ ખાતમાં પ્રથમ અપીલ અરજી રજુ કરવામાં આવેલ. જે ટીડીઓ/અપીલ/નં.૧૦ થી નોંધવામાં આવેલ છે.**

**(૭) અપીલ અધિકારી અને નગર નિયોજકશ્રી ધ્વારા અરજદારશ્રીને તા.૦૫/૦૭/૨૦૧૬ ના રોજ રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા પત્ર ક્રમાંક નં.ટીડીઓ/અપીલ/૩૧ તા.૨૧/૦૬/૨૦૧૬ ના રોજ જાણ કરવામાં આવેલ.**

અરજદારશ્રી સી. જી. પરમાર ધ્વારા સંદર્ભ (૧) હેઠળના તા.૨૧/૦૫/૧૬ થી નાગરીક સુવિધા કેન્દ્રમાં અરજી કરવામાં આવેલ. સદર અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ સંદર્ભ (૨) હેઠળના તા.૩૦/૦૫/૧૬ થી સેન્ટ્રલ ઝોનમાં આંશીક માહિતી માટે અરજી તબદીલ કરવામાં આવેલ હતી.તેમજ આંશીક માહિતી માટે મિલ્કતનું ચોકકસ વર્ણન કરવામાં આવેલ ન હોય,અરજદારને તે અંગે સંદર્ભ (૩) થી જાણ કરવામાં આવેલ.અરજદાર ધ્વારા સંદર્ભ(૪) ના પત્રથી મિલ્કતની ચોકકસ વર્ણન ન કરતા આજુબાજુના અન્ય મિલ્કતની માહિતી

આપેલ.જેના અનુસંધાને અત્રેથી આ પ્રકારના નામથી પ્રચલિત મિલ્કત કે જે વોર્ડ નં.ર સી.સ.નં.૪/અ/૧,૪/અ/૪, ૫૧૯૪/બ,૫૧૯૫ થી ૫૧૯૮ વાળી મિલ્કતના મંજુર પ્લાનની નકલ મેળવવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ(૫) હેઠળના તા.૧૦/૦૬/૨૦૧૬ થી અરજદારને પ્રત્યુતર પાઠવવામાં આવેલ. જે પ્રત્તયુતરથી અરજદાર નારાજ થઈ સંદર્ભ(૬) હેઠળના તા.૧૪/૦૬/૨૦૧૬ થી અત્રેના મધ્યસ્થ શહેર વિકાસ ખાતામાં પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ. જે ટીડીઓ/અપીલ નં.૧૦ તા.૧૪/૦૬/૨૦૧૬ થી નોંધવામાં આવેલ છે.

સદર અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને નગર નિયોજકશ્રી ધ્વારા સંદર્ભ(૭) ના હેઠળના તા.૨૧/૦૬/૨૦૧૬ ના પત્રથી અરજદાર તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૦૫/૦૭/૨૦૧૬ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવવામાં આવેલ.અરજદારશ્રી તરફથી કરવામાં આવેલ રજુઆત મુજબ તમામ નકશાઓની જરૂરીયાત ન હોવા છતા તેમજ રૂબરૂમાં દફતરી નિરીક્ષણ ન આપવા બાબતે રજુઆત કરી સમય મર્યાદામાં માહિતી ન આપવા બદલ વિના મુલ્યે માહિતી આપવા રજુઆત કરેલ.જાહેર માહિતી અધિકારીશ્રીના ધ્વારા જણાવ્યા મુજબ મુદ્દા નં.૧ કે જે શહેર વિકાસ વિભાગને લાગુ પડે છે. તેની અરજદારને દિન–૩૦ માં લેખિતમાં જાણ કરેલ હોય, તેમજ અરજદાર ધ્વારા નિયત ફી ભરપાઈ કર્યેથી આપી શકાય તેમ જણાવેલ છે. તથા મુદ્દા નં.ર બાબતે સેન્ટ્રલઝોનમાં અરજી તબદીલ કરવામાં આવેલ છે. અરજદાર ધ્વારા ૨૦ નકશાઓની જરૂર નથી તેવુ જણાવેલ છે. જે અન્વયે જાહેર માહિતી અધિકારીશ્રીએ રજુઆતક કરેલ છે. અરજદારના તમામ નકશાઓ / રેકર્ડ રૂબરૂમાં બતાવવામાં આવશે. અને તેઓને જે નકશા/ રેકર્ડની જરૂર જણાય તો તેની જાણ કર્યેથી ફકત તે નકશા/ દસ્તાવેજી પુરાવાની નકલ માટેની રકમ ગણતરી તેઓને જણાવવામાં આવશે. જે બાબતે તે મુજબના નાણા અરજદાર ધ્વારા ભરપાઈ કર્યેથી નકશા/ નકલો આપી શકાશે. ઉપરોકત વિગતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવેલ છે.

**–:: હુકમ ::–**

**અરજદારશ્રી સી. જી. પરમાર ધ્વારા આર.ટી.આઈ. એકટ, ૨૦૦૫ હેઠળની તા.૨૧/૦૫/૨૦૧૬ ની મુળ અરજી આઈ ડી. નં.૪૧૫ સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીના પ્રતિનિધિ સુનાવણીમાં હાજર રહી અરજદારશ્રીએ તેઓની માહિતી માંગતી તા.૨૧/૦૫/૨૦૧૬ની મુળ અરજી અન્વયે અરજદારશ્રીને તા.૧૦/૦૬/૨૦૧૬ ના રોજ નિયત સમય મર્યાદામાં મધ્યસ્થ શહેરી વિકાસ ખાતાને લગતી માહિતી અંગે પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાવેલ છે. જે બાબતે અરજદારશ્રી ધ્વારા તા.૧૩/૦૭/૨૦૧૬ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે દફતરી રેકોર્ડ નિરીક્ષણ માટે સમય ફાળવવા રજુઆત કરેલ હોય, જે અંગે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજદારને ઉકત સમયે રેકોર્ડ નિરીક્ષણ માટે જરૂરી વ્યવસ્થા કરી આપવા તથા રેકર્ડ નીરીક્ષણ કર્યા બાદ અરજદાર ધ્વારા જે કઈપણ નકશા/ રેકર્ડન નકલની માંગણી કરવામાં આવે તો માંગ્યા મુજબની નકલો આર.ટી.આઈ. એકટની જોગવાઈઓ હેઠળ અરજદારને આપવા આથી હુકમ કરવામાં આવે છે. વધમાં મુદ્દા નં. ૨ ની વિગતો/ માહિતી જે તે સંબંધિત વિભાગ/ ઝોન કચેરીને સ્પર્શતી હોય જે તે વિભાગમાંથી મેળવવા અરજદાર સ્વતંત્ર છે. આમ, અરજી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

**અપીલ અધિકારી અને**
**નગર નિયોજક**
**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિ,**

**(૧) શ્રી સી. જી. પરમાર,તંત્રી ગુજરાત ન્યુઝ ક્રાઉન,૧૪૦,સંતોષી નગર ડિંડોલી રોડ,રેલ્વે ગરનાળા પાસે,ઉધના સુરત ..... આપની અપીલ અરજી સામે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ છે. જાણ સારૂ.**

**અપીલ અધિકારી અને**
**નગર નિયોજક**
**સુરત મહાનગરપાલિકા**

**મહાનગર સેવા સદન,**
**મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૩**

---

**નં.ટી.ડી.ઓ/અપીલ/૪૨**
**તા.૦૫–૦૭–૨૦૧૬**

**અપીલ અરજી તા.૦૭–૦૬–૨૦૧૬,**

**અરજદારશ્રી :– શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલ**

**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

**વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલની તા.૧૦/૦૨/૨૦૧૬ ની આઈ.ડી નં ૬૧૨ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભ :–(૧) અરજદાર શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલની તા.૧૦/૦૨/૧૬ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.: ૬૧૨ થી મધ્યસથ કચેરીમાં અરજી કરવામાં આવેલ.**

**(૨) જાહેર માહિતી અધિકારી અને ત્રીજી શ્રેણી કલાર્ક ધ્વારા તેમના પત્ર નં.: ૬૧૨, તા.૧૨/૦૨/૨૦૧૬ થી અત્રે તથા સુરત મહાનગરપાલિકાના અન્ય વિભાગ / કચેરીઓમાં તબદીલ કરવામાં આવેલ. (જે ટીડીઓ/આઈ.ડી. નં.: ૭૭૮ થી નોંધાયેલ છે. )**

**(૩) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૦૧/૦૩/૧૬ના ટીડીઓ/આર.ટી.આઈ. નં.: ૯૮૨ થી અરજદારશ્રીને પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ.**

**(૪) "નમુના–ક" માં અરજદારશ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલ ધ્વારા તા.૦૭/૦૬/૧૬ થી મધ્યસ્થ કચેરીમાં પ્રથમ અપીલ અરજી રજુ કરવામાં આવેલ. (જે અત્રે ટીડીઓ/અપીલ નં.: ૧૧, તા.૧૮/૦૬/૨૦૧૬ થી નોંધવામાં આવેલ.)**

**(૫) અપીલ અધિકારી અને નગર નિયોજકશ્રી ધ્વારા અરજદારશ્રીને તા.૦૨/૦૭/૨૦૧૬ ના રોજ રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા બાબતના પત્ર ક્રમાંક નં. ટીડીઓ/અપીલ/૩૮, તા.૨૪/૦૬/૧૬.**

અરજદારશ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલ ધ્વારા સંદર્ભ (૧) હેઠળના તા.૧૦/૦૨/૨૦૧૬ થી મધ્યસ્થ કચેરીમાં અરજી કરવામાં આવેલ. સદર અરજી જાહેર માહિતી અધિકારી અને ત્રીજી શ્રેણી કલાર્ક ધ્વારા સંદર્ભ (૨) હેઠળના તા.૧૨/૦૨/૨૦૧૬ થી અત્રે તથા સુરત મહાનગરપાલિકાના અન્ય વિભાગો/ કચેરીઓમાં તબદીલ કરવામાં આવેલ. જે મુજબ અત્રેના શહેર વિકાસ(મધ્યસ્થ) ખાતામાં તબદીલ થઈ આવેલ અરજી અત્રે ટીડીઓ/આઈ.ડી. નં.: ૭૭૮ થી નોંધાયેલ છે.

સદર અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ સંદર્ભ(૩) હેઠળના તા.૦૧/૦૩/૨૦૧૬ ના પત્રથી અરજદારને શહેર વિકાસ(મધ્યસ્થ) ખાતાને લગતી માહિતીની નકલ મેળવવા નિયત ફી ભરપાઈ કરવા જણાવેલ.

ઉકત જવાબથી અરજદારશ્રી નારાજ થઈ સંદર્ભ (૪) હેઠળના તા.૦૭/૦૬/૨૦૧૬ થી મધ્યસ્થ કચેરીમાં પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ. જે અત્રે ખાતામાં ટીડીઓ/અપીલ નં.:૧૧, તા.૧૮/૦૬/૨૦૧૬ થી નોંધવામાં આવેલ.

સદર પ્રથમ અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને નગર નિયોજકશ્રી ધ્વારા સંદર્ભ(૫) હેઠળના તા.૨૪/૦૬/૨૦૧૬ ના પત્રથી અરજદાર તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૦૨/૦૭/૧૬ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવવામાં આવેલ. જે સુનાવણીમાં અરજદારશ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલ પોતે તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી હાજર રહેલ. સુનાવણી દરમ્યાન અરજદારશ્રીએ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારી ધ્વારા પાઠવવામાં આવેલ માહિતી/વિગતો ન મળ્યાની રજુઆત કરેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારી ધ્વારા અરજદારશ્રીને માહિતી/વિગતો આર.પી.એ.ડી. ધ્વારા પાઠવવામાં આવેલ પત્ર હિતસબંધ ધરાવનારાઓ ધ્વારા સ્વીકાર કર્યાની પહોંચ અંગેનો રેકર્ડ રજુ કરવામાં આવેલ છે. અરજદારની મૂળ અરજીના મુદ્દા નં.૧ની માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગને લગતી હોવાથી મહેકમ વિભાગમાંથી મેળવી લેવા તથા મુદ્દા નં.૨ની માહિતી માટે નિયત નકલ ફી ભરપાઈ કરી નકલ મેળવી લેવા અરજદારને સમજ આપેલ.

અરજદારની તા.૧૦/૦૨/૨૦૧૬ ની અરજી બાબતે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી ધ્વારા ખાતાને લાગત મુદ્દા નં.૧ અને ૨ની ઉપલબ્ધ સંપૂર્ણ માહિતી નિયત સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે. તથા મુદ્દા નં. ૩ થી ૫ બાબતે પણ અત્રેના ખાતાને લાગત ન હોવાથી અપીલ અંગેનું કોઈ કારણ ઉત્પન્ન થતું નથી.

ઉપરોકત વિગતો ધ્યાને લઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

**અરજદારશ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલ ધ્વારા આર.ટી.આઈ. એકટ, ૨૦૦૫ હેઠળની તા.૧૦/૦૨/૨૦૧૬ ની મુળ અરજી અન્વયે કરેલ અપીલ સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત સાંભળ્યા બાદ અરજદારશ્રીને તેઓની માહિતી માંગતી મુળ અરજીથી માંગવામાં આવેલ માહિતી નિયત સમયમર્યાદામાં પાઠવવામાં આવેલ છે.**

**જે અન્વયે મુદ્દા નં.૧ની માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગમાંથી મેળવી લેવા તથા મુદ્દા નં.૨ની માહિતી માટે અરજદાર ધ્વારા અત્રેના સંદર્ભ(૩) હેઠળના પત્રમાં જણાવેલ નકલ ફી ભરપાઈ કરી મેળવી શકે છે તથા અરજદાર ધ્વારા નકલ ફી ભરપાય થયેથી અરજદારને નકલો આપી દેવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને જણાવવામાં આવે છે. આમ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીએ નિયત સમયમર્યાદામાં જવાબ પાઠવેલ હોવાથી વધુ કોઈ હુકમ કરવાનો થતો નથી, જે ધ્યાને લેતા અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.**

**અપીલ અધિકારી અને**
**નગર નિયોજક**
**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિ,**

**(૧) શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલ, ૫૩, હંસ સોસાયટી, નવાગામ, વરાછા રોડ, સુરત ..... આપની અપીલ અરજી સામે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ છે. જાણ સારૂ.**

**અપીલ અધિકારી અને**
**નગર નિયોજક**
**સુરત મહાનગરપાલિકા**

મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૩

---

નં.ટી.ડી.ઓ/અપીલ/૬૦
તા.૦૪–૦૮–૨૦૧૬

**અપીલ અરજી તા.૧૬–૦૬–૨૦૧૬,**

**અરજદારશ્રી :– શ્રી મધુભાઈ આર. કાકડીયા**

**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

**વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી મધુભાઈ આર. કાકડીયાની તા.૩૦/૦૪/૨૦૧૬ ની આઈ.ડી નં ૧૦૫ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભ :–(૧) અરજદાર શ્રી મધુભાઈ આર. કાકડીયાની તા.૩૦/૦૪/૧૬ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.: ૧૦૫ થી કતારગામ ઝોન કચેરીમાં અરજી કરવામાં આવેલ.**

**(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, કતારગામ ઝોન કચેરી ધ્વારા તા.૧૭/૦૬/૧૬ ના પત્રનં.: ૫૪૩ થી અત્રેની કચેરીમાં તબદીલ કરવામાં આવેલ. (જે ટીડીઓ/આઈ.ડી. નં.: ૨૧૨ થી નોંધાયેલ.)**

**(૩) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૨૮/૦૬/૧૬ના ટીડીઓ/આર.ટી.આઈ. નં.: ૩૯૮ થી અરજદારશ્રીને નકલ પુરી પાડે તથા રેકર્ડ નિરીક્ષણ કરવા પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ.**

**(૪) "નમુના–ક" માં અરજદારશ્રી મધુભાઈ આર. કાકડીયા ધ્વારા તા.૧૬/૦૬/૧૬ થી કતારગામ ઝોન કચેરીમાં પ્રથમ અપીલ અરજી રજુ કરવામાં આવેલ.**

**(૫) અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, કતારગામ ઝોન કચેરી ધ્વારા તેમના પત્ર નં.: ૫૬૧, તા.૨૨/૦૬/૧૬ થી અત્રેની કચેરીમાં પ્રથમ અપીલ અરજી તબદીલ કરવામાં આવેલ. (જે ટીડીઓ/અપીલ નં.: ૧૨ થી નોંધવામાં આવેલ.)**

**(૬) અરજદારશ્રીની તા.૧૮/૦૭/૨૦૧૬ નો અપીલ અરજી દફતરે કરવા બાબતનો પત્ર.**

અરજદારશ્રી મધુભાઈ આર. કાકડીયા ધ્વારા સંદર્ભ (૧) હેઠળના તા.૩૦/૦૪/૨૦૧૬ થી કતારગામ ઝોન કચેરીમાં અરજી કરવામાં આવેલ. સદર અરજી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, કતારગામ ઝોન કચેરી ધ્વારા સંદર્ભ (૨) હેઠળના તા.૧૭/૦૬/૧૬ થી અત્રેની કચેરીમાં તબદીલ કરવામાં આવેલ. સદર અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ સંદર્ભ (૩) હેઠળના તા.૨૮/૦૬/૧૬ થી અરજદારશ્રીની માહિતી માંગતી અરજી અન્વયે વિના મુલ્યે નકલ પુરી પાડવામાં આવેલ તથા અન્ય વિગતો વિસ્તૃત પ્રકારની હોય અત્રેના ખાતાનું રૂબરૂમાં આવી રેકર્ડ નિરીક્ષણ કરવા અંગે પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ. અગાઉ કતારગામ ઝોનમાં કરેલ અરજી સંદર્ભે અરજદારશ્રી નારાજ થઈ સંદર્ભ (૪) હેઠળના તા.૧૬/૦૬/૧૬ થી કતારગામ ઝોન કચેરીમાં પ્રથમ અપીલ અરજી

કરવામાં આવેલ. સદર અરજી અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, કતારગામ ઝોન કચેરી ધ્વારા અગાઉની અરજી અત્રે તબદીલ કરેલ હોવાથી સંદર્ભ (૫) હેઠળના તા.૨૨/૦૬/૧૬ થી અત્રેની કચેરીમાં તબદીલ કરવામાં આવેલ. જે ટીડીઓ/અપીલ નં.:૧૨, તા.૨૩/૦૬/૨૦૧૬ થી નોંધવામાં આવેલ.

સદર અપીલ અરજી અન્વયે અરજદારશ્રીએ સંદર્ભ (૬) હેઠળના તા.૧૮/૦૭/૨૦૧૬ ના પત્રથી જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા માંગ્યા મુજબની માહિતી નિયમ મુજબ વિના મુલ્યે આપવામાં આવેલ હોય તથા તા.૧૮/૦૭/૨૦૧૬ ના રોજ અરજદારે રૂબરૂ રેકર્ડ નિરીક્ષણ કરી માંગેલ જરૂરી તમામ માહિતી રૂબરૂમાં વિનામુલ્યે પુરી પાડવામાં આવેલ હોય અને અરજદારે ઉકત અપીલ અરજી દફતરે કરવા પત્ર લખી સ્વીકૃતી આપેલ છે. ઉપરોકત વિગતો ધ્યાને લઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

**અરજદારશ્રી મધુભાઈ આર. કાકડીયા ધ્વારા આર.ટી.આઈ. એકટ, ૨૦૦૫ હેઠળની તા.૩૦/૦૪/૧૬ ની મુળ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૩) હેઠળના પત્રથી પાઠવેલ પ્રત્યુત્તરને ધ્યાને લઈ અરજદારશ્રી ધ્વારા સંદર્ભ (૬) હેઠળના પત્રથી તથા અન્ય તમામ માહિતી અત્રેની કચેરીમાં રૂબરૂમાં આવી વિના મુલ્યે મળી ગયેલ હોવાથી, ઉકત અપીલ અરજી દફતરે કરવા સ્વીકૃતી આપેલ છે, જેથી આ અપીલ અરજી દફતરે કરવા જોગ જણાયેલ છે. આમ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને કોઈ હુકમ કરવાનો રહેતો નથી. આમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.**

**અપીલ અધિકારી અને**
**નગર નિયોજક**
**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિ,**

**(૧) શ્રી મધુભાઈ આર. કાકડીયા, ૧૩૬, અંબિકા નગર–૨, કતારગામ રોડ, અનાથ આશ્રમ પાછળ, સુરત. ..... આપની અપીલ અરજી સામે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ છે. જાણ સારૂ.**

અપીલ અધિકારી અને
નગર નિયોજક
સુરત મહાનગરપાલિકા

મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૫૫
તા.૨૭–૦૭–૨૦૧૬

**અપીલ અરજી તા.૨૭–૦૬–૨૦૧૬,**

**અરજદારશ્રી :– શ્રી જેકોરબેન તે જેરામભાઈ ગોવનભાઈપટેલની**
**દિકરી તથા નગીનભાઈ લલ્લુભાઈ પટેલની પત્ની,**

**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**ફરીયાદીની હકીકત :–**

**વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી જેકોરબેન જેરામભાઈ પટેલની તા.૨૬–૦૫–૧૬ ની આઈ.ડી નં ૧૫૬ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભ :–(૧) અરજદાર શ્રી જેકોરબેન જેરામભાઈ પટેલની તા.૨૬/૦૫/૧૬ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.: ૧૫૬ થી અત્રે મધ્યસથ શહેર વિકાસ ખાતામાં અરજી કરવામાં આવેલ.**

**(૨) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૨૨/૦૬/૧૬ના ટીડીઓ/આર.ટી.આઈ. નં.: ૩૮૬ થી અરજદારશ્રીને જવાબ પાઠવવામાં આવેલ.**

**(૩) "નમુના–ક" માં અરજદારશ્રી જેકોરબેન જેરામભાઈ પટેલ ધ્વારા તા.૨૭/૦૬/૧૬ થી અત્રેના મધ્યસ્થ શહેર વિકાસ ખાતામાં પ્રથમ અપીલ અરજી રજુ કરવામાં આવેલ. (જે ટીડીઓ/અપીલ નં.: ૧૪ થી નોંધવામાં આવેલ.)**

**(૪) અપીલ અધિકારી અને નગર નિયોજકશ્રી ધ્વારા અરજાદરશ્રીને તા.૨૧/૦૭/૨૦૧૬ ના રોજ રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા બાબતના પત્ર ક્રમાંક નં. ટીડીઓ/અપીલ/૫૧, તા.૧૯/૦૬/૧૬.**

અરજદારશ્રી જેકોરબેન જેરામભાઈ પટેલ ધ્વારા સંદર્ભ (૧) હેઠળના તા.૨૬/૦૫/૧૬ થી અત્રે મધ્યસ્થ શહેર વિકાસ ખાતામાં અરજી કરવામાં આવેલ. જે ટીડીઓ/આઈ.ડી. નં.: ૧૫૬ થી નોંધાયેલ. સદર અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ સંદર્ભ (૨) હેઠળના તા.૨૨/૦૬/૧૬ થી અરજદારશ્રીની માહિતી માંગતી અરજી અન્વયે પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ. જે પ્રત્યુત્તરથી અરજદારશ્રી નારાજ થઈ સંદર્ભ (૩) હેઠળના તા.૨૭/૦૬/૧૬ થી અત્રેના મધ્યસ્થ શહેર વિકાસ ખાતામાં પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ. જે ટીડીઓ/અપીલ નં.: ૧૪ થી નોંધવામાં આવેલ.

સદર અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને નગર નિયોજકશ્રી ધ્વારા સંદર્ભ(૪) હેઠળના તા.૧૯/૦૬/૨૦૧૬ થી અરજદાર તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૨૧/૦૭/૧૬ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવવામાં આવેલ જેમાં અરજદારશ્રીએ લેખિતમાં તેઓ હાજર રહી શકે તેમ ન હોવાનું જણાવી તેઓના વતી હરીશકુમાર એન. પટેલે હાજર રહી તેઓએ માંગણી કર્યા મુજબની માહિતી તથા નકલો મળેલ ન હોવાની લેખિતમાં રજુઆત કરેલ છે અને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ મૂળ અરજી અન્વયે અરજદારશ્રીએ પ્રશ્નવાળી જગ્યામાં રજાચિઠ્ઠી રદ કરવા બાબતે આપેલ અરજી અન્વયે રજાચિઠ્ઠી રદ કરવામાં આવેલ નથી જેથી રજાચિઠ્ઠી રદ કરવાની કાર્યવાહી કરેલ હોવાની વિગતોની માહિતીની નકલો આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તે મુજબની માહિતી આપવામાં આવેલ છે તે મુજબનો જવાબ અરજદારશ્રીને નિયત સમસમર્યાદામાં આપી દેવામાં આવેલ હોવાની સ્પષ્ટતા કરવામાં આવેલ છે. ઉપરોકત વિગતો ધ્યાને લઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

**અરજદારશ્રી જેકોરબેન તે જેરામભાઈ ગોવનભાઈની દિકરી તથા નગીનભાઈ લલ્લુભાઈ પટેલની પત્ની ધ્વારા આર.ટી.આઈ. એકટ, ૨૦૦૫ હેઠળની તા.૨૬/૦૫/૨૦૧૬ ની મુળ અરજી અન્વયે કરેલ રજુઆત સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રી વતી હરીશકુમાર એન. પટેલ તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત સાંભળ્યા બાદ અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી ટી.પી. સકીમ નં.: ૨૭ (ઉત્રાણ–કોસાડ) ફા. પ્લોટ નં.: ૧૫૬, બ્લોક નં.: ૧૩૯ વાળી મિલ્કતમાં રજાચિઠ્ઠી રદ કરવા બાબતે આવેલ અરજી અંગે આવેલ અરજી અંગે થયેલ કાર્યવાહીની નકલ માંગેલ છે પરંતુ અરજી અન્વયે રજાચિઠ્ઠી રદ કરવામાં આવેલ ન હોય, જેથી માંગ્યા મુજબની માહિતી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો ન હોય તે મુજબ સમયમર્યાદામાં અરજદારશ્રીને જવાબ પાઠવેલ હોય, જે સ્પષ્ટતાને ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને કોઈ હુકમ કરવાનો રહેતો નથી. આમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.**

**અપીલ અધિકારી અને**
**નગર નિયોજક**
**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિ,**

**(૧) શ્રી જેકોરબેન તે જેરામભાઈ ગોવનભાઈ પટેલની દિકરી તથા નગીનભાઈ લલ્લુભાઈ પટેલની પત્ની, ૧૭૦, અગીયારી મહોલ્લો, બેંક ઓફ ઈન્ડીયા પાસે, અડાજણ, સુરત ..... આપની અપીલ અરજી સામે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ છે. જાણ સારૂ.**

અપીલ અધિકારી અને
નગર નિયોજક

ફોન : ૨૪૨૩૭૫૧ થી ૫૫
એક્ષ્ટે.૩૫૮
મહાનગર પાલિકા
મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૬૩
તા.૦૮–૦૮–૨૦૧૬

અપીલ અરજી તા.૦૫/૦૭/૨૦૧૬,

અરજદારશ્રી :– શ્રી નરેશભાઈ એન. બથવાર

સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી

<u>ફરીયાદીની હકીકત :–</u>

વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી નરેશભાઈ એન. બથવારની તા.૧૯–૦૫–૨૦૧૬ ની આઈ.ડી.નં ૧૦૪ (ટી.ડી.ઓ ૧૭૩, તા.૦૧/૦૬/૨૦૧૬) થી માંગેલ માહિતી બાબત.

સંદર્ભ :–(૧) અરજદારશ્રી નરેશભાઈ એન. બથવારની તા.૧૯/૦૫/૨૦૧૬ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.:૧૦૪ થી મધ્યસ્થ કચેરીમાં અરજી કરવામાં આવેલ.

(૨) જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરી ધ્વારા તા.૧૯/૦૫/૨૦૧૬ ના પત્ર નં.સી/આરટીઆઈ/૧૦૪ થી સા.વે. (અઠવા)ઝોન કચેરીમાં તબદીલ કરવામાં આવેલ.જે ઉકત કચેરીમાં સા.વે.ઝોન/આઈ.ડી.નં.૧૬૦ તા.૨૦/૦૫/૨૦૧૬ થી નોંધણી કરવામાં આવેલ.

(૩) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી સા.વે.(અઠવા)ઝોન ધ્વારા તા.૦૧/૦૬/૨૦૧૬ ના પત્રનં.: સા.વે.(અઠવા)ઝોન/આરટીઆઈ/આ./ ૩૫૪ થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરેલ.જે અત્રેના ખાતામાં ટીડીઓ/ આઈ.ડી. નં. ૧૭૩ તા.૦૧/૦૬/૨૦૧૬ થી નોંધવામાં આવેલ.

(૪) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૦૪/૦૬/૨૦૧૬ ના પત્રનં.: ટીડીઓ/આરટીઆઈ/૩૨૬ થી અરજદારને શહેર વિકાસ(મધ્યસ્થ)ખાતાને લગતી બાબતે શહેર વિકાસ ખાતામાં ઉપલબ્ધ રેકર્ડનું નિરીક્ષણ કરી માહિતી મેળવી લેવા અરજદારને જાણ કરેલ.

(૫) અરજદારે અત્રેના તા.૦૪/૦૬/૨૦૧૬ ના પત્ર અન્વયે તા.૦૭/૦૬/૨૦૧૬ ના રોજ શહેર વિકાસ મધ્યસ્થ ખાતામાં રૂબરૂમાં આવી રેકર્ડ નિરીક્ષણ કર્યા બાદ તેઓને રેકર્ડની નકલોની જરૂર ન હોય, તેમની અરજીનો નિકાલ કરવા લેખિત રજુઆત કરેલ.

(૬) અરજદારશ્રી નરેશભાઈ એન. બથવાર ધ્વારા તા.૦૫/૦૭/૨૦૧૬ના રોજ મધ્યસ્થ કચેરીમાં નમુનો "જ"માં અપીલ અરજી (ડી/૩૫૪૪) કરવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક મધ્યસ્થ કચેરી ધ્વારા તા.૦૭/૦૭/૨૦૧૬ ના પત્ર નં.સી/એફ.એ.પી./૮૬ થી અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર અઠવાઝોનને તબદીલ કરવામાં આવેલ.જે ઉકત કચેરીમાં તા.૧૨/૦૭/૨૦૧૬ ના રોજ સા.વે.ઝોન/ આરટીઆઈ/ઈન.નં.૩૪ થી નોંધવામાં આવેલ.

(૭) મદદનીશ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી સા.વે.(અઠવા)ઝોન ધ્વારા ઉકત અપીલ અરજી શહેર વિકાસ મધ્યસ્થ ખાતાને તા.૧૨/૦૭/૨૦૧૬ ના પત્ર નં.સા.વે.(અઠવા)ઝોન/ આરટીઆઈ/આ./૧૧૮ થી તબદીલ કરવામાં આવેલ. જે શહેર વિકાસ મધ્યસ્થ ખાતામાં તા.૧૨/૦૭/૨૦૧૬ ના રોજ ટીડીઓ ઈન. નં./પ્ર.અપીલ/૧૫ થી નોંધવામાં આવેલ.

(૮) ઉકત અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને નગર નિયોજકશ્રી ધ્વારા તા.૨૦/૦૭/૨૦૧૬ ના પત્ર નં. ટીડીઓ/અપીલ/૫૩ થી અરજદારને તા.૨૭/૦૭/૨૦૧૬ ના રોજ રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જાણ કરેલ.

(૯) અરજદાર તા.૨૭/૦૭/૨૦૧૬ ના રોજ સુનાવણીના કામે અરજદાર હાજર ન રહેતા અત્રેના તા.૩૦/૦૭/૨૦૧૬ ના પત્ર નં. ટીડીઓ/અપીલ/૫૭ થી અરજદારને તા.૦૪/૦૮/૨૦૧૬ ના રોજ રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા વધુ એક તક આપેલ.

**(૧૦) અરજદારશ્રી નરેશભાઈ એન. બથવારે તા.૦૪/૦૮/૨૦૧૬ ના બદલે તા.૦૫/૦૮/૨૦૧૬ ના રોજ અપીલ અધિકારી સમક્ષ હાજર લેખિત રજુઆત કરેલ.**

અરજદારશ્રી નરેશભાઈ એન. બથવાર ધ્વારા આર ટી આઈ એકટ– ૨૦૦૫ હેઠળ માહિતી મેળવવા સંદર્ભ (૧) હેઠળ મધ્યસ્થ કચેરીમાં અરજી કરવામાં આવેલ. સદર અરજી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરી ધ્વારા તેઓના સંદર્ભ (૨) હેઠળના પત્રથી થી સા.વે.(અઠવા)ઝોનને માટે તબદીલ કરવામાં આવેલ. જે ઉકત કચેરીમાં સા.વે.ઝોન/આઈ.ડી.નં.૧૬૦ તા.૨૦/૦૫/૨૦૧૬ થી નોંધણી કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી સા.વે.(અઠવા)ઝોન ધ્વારા ઉકત અરજી તા.૦૧/૦૬/૨૦૧૬ ના સંદર્ભ(૩) હેઠળના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને અરજી તબદીલ કરેલ.જે શહેર વિકાસ મધ્યસ્થ ખાતામાં ટીડીઓ/ આઈ.ડી. નં. ૧૭૩ તા.૦૧/૦૬/૨૦૧૬ થી નોંધવામાં આવેલ.અરજદારની ઉકત મુજબની અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારને શહેર વિકાસ(મધ્યસ્થ)ખાતાને લગતી માહિતી બાબતે શહેર વિકાસ ખાતામાં ઉપલબ્ધ રેકર્ડનું નિરીક્ષણ કરી જરૂરી માહિતી વિનામુલ્યે મેળવી લેવા સંદર્ભ(૪) હેઠળના પત્રથી જાણ કરેલ.સદર બાબતે અરજદારે તા.૦૭/૦૬/૨૦૧૬ ના રોજ શહેર વિકાસ મધ્યસ્થ ખાતામાં રૂબરૂમાં આવી રેકર્ડ નિરીક્ષણ કર્યા બાદ તેઓને માહિતી અંગેની તમામ સમજ મળેલ હોય તેઓને રેકર્ડની નકલોની જરૂર ન હોય, તેમની અરજીનો નિકાલ કરવા સંદર્ભ(૫) હેઠળ લેખિત રજુઆત કરેલ. ત્યારબાદ અરજદારે મધ્યસ્થ કચેરીમાં "નમુનો–જ" માં તા.૦૫/૦૭/૨૦૧૬ ના રોજ અપીલ અરજી(ડી/૩૫૪૪) કરેલ. જે જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક મધ્યસ્થ કચેરી ધ્વારા સંદર્ભ(૬) હેઠળના પત્રથી અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર અઠવા ઝોનને તબદીલ કરેલ. જેને અઠવાઝોન કચેરીમાં તા.૧૨/૦૭/૨૦૧૬ ના રોજ સા.વે.ઝોન/ આરટીઆઈ/ ઈન. નં.૩૪ થી નોંધવામાં આવેલ. મદદનીશ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી સા.વે.(અઠવા)ઝોન ધ્વારા તેમના સંદર્ભ(૭) હેઠળના પત્રથી ઉકત અપીલ અરજી શહેર વિકાસ મધ્યસ્થ ખાતામા તબદીલ કરવામાં આવેલ.જે શહેર વિકાસ મધ્યસ્થ ખાતામાં તા.૧૨/૦૭/૨૦૧૬ ના રોજ ટીડીઓ ઈન. નં./પ્ર.અપીલ/૧૫ થી નોંધવામાં આવેલ. શહેર વિકાસ મધ્યસ્થ ખાતામાં તબદીલ થઈ આવેલ ઉકત અપીલ અરજી અન્વયે અરજદારને સંદર્ભ(૮) હેઠળના પત્રથી તા.૨૭/૦૭/૨૦૧૬ ના રોજ રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જાણ કરેલ.પરંતુ અરજદાર ઉકત દિવસે સુનાવણીના કામે હાજર ન રહેતા અત્રેના સંદર્ભ(૯) હેઠળના પત્રથી તેઓને તા.૦૪/૦૮/૨૦૧૬ ના રોજ રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા વધુ એક તક આપેલ. અરજદારે તા.૦૪/૦૮/૨૦૧૬ ના બદલે તા.૦૫/૦૮/૨૦૧૬ ના રોજ અપીલ અધિકારી અને નગર નિયોજક સમક્ષ રૂબરૂ સુનાવણી માટે હાજર રહી તેઓ ધ્વારા શરતચુકથી અપીલ અરજી થયેલ હોય અરજીનો નિકાલ કરવા લેખિત રજુઆત કરેલ. અરજદારશ્રીની ઉપરોકત રજુઆત ધ્યાને લઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

**અરજદારશ્રી નરેશભાઈ એન. બથવાર ધ્વારા આર.ટી.આઈ. એકટ, ૨૦૦૫ હેઠળની તા.૧૯/૦૫/૨૦૧૬ ની આઈ.ડી. નં.૧૦૪ ની મુળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને તા.૦૪/૦૬/૨૦૧૬ ના રોજ થી મધ્યસ્થ શહેર વિકાસ ખાતાને લગતી બાબતે શહેર વિકાસ ખાતામાં ઉપલબ્ધ રેકર્ડનું રૂબરૂ નિરીક્ષણ કરી તેઓને જરૂરી માહિતી / નકલો મેળવી લેવા જવાબ કરવામાં આવેલ છે. જે અન્વયે અરજદારે રેકર્ડનું રૂબરૂ નિરીક્ષણ કરી માહિતની સમજ મેળવ્યા બાદ તેઓને રેકર્ડની નકલોની જરૂર ન હોવાની તેમજ તેઓની અરજીનો નિકાલ કરવા લેખિત રજુઆત કરેલ. તેમ છતાં અરજદારે તા.૦૫/૦૭/૨૦૧૬ ના રોજ થી અપીલ અરજી કરેલ. અરજદારે સદર અપીલ અરજી શરતચુકથી થયેલ હોય, જે અપીલ અરજી દફતરે કરવાની તા.૦૫/૦૮/૨૦૧૬ ના રોજ થી કરેલ લેખિત રજુઆત ને ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. આમ અપીલ અરજીને દફતરે કરી નિકાલ કરવામાં આવે છે.**

**અપીલ અધિકારી અને**
**નગર નિયોજક**
**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિ,**

**(૧) શ્રી નરેશભાઈ એન. બથવાર, ૧૨/૨૩૭૩, સૈયદપુરા માર્કેટ, કુંભારવાડા પાસે, સુરત..... આપની અપીલ અરજી સામે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ છે. જાણ સારૂ.**

**અપીલ અધિકારી અને**
**ઈ.ચા.નગર નિયોજક**
**સુરત મહાનગરપાલિકા**

**મહાનગર સેવા સદન,**
**મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૩**

**નં.ટી.ડી.ઓ/અપીલ/૭૩**
**તા.૦૩–૦૯–૨૦૧૬**

**અપીલ અરજી :– તા.૧૧/૦૭/૨૦૧૬**

**અરજદાર :– શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયા**
**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના.શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદની હકીકત :</u>**

**વિષય :–** માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ અરજદારશ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયા ધ્વારા નોંધાવવામાં આવેલ પ્રથમ અપીલ અરજી બાબત.

**સંદર્ભ :–** (૧) અરજદારશ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયાની તા.૧૬/૦૫/૨૦૧૬ ના રોજની અરજી આઈ.ડી.નં./૩૫૩.

(૨) જાહેર માહિતી અધિકારી અને આસી.એકઝીકયુટીવ,નાગરીક સુવિધા કેન્દ્રના પત્ર ક્રમાંક સીસીસી/સી.ઝેડ/આરટીઆઈ/૩૫૩ તા.૧૮/૦૫/૨૦૧૬.

(૩) અરજદારશ્રી ધ્વારા તા.૧૧/૦૭/૨૦૧૬ થી માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ની જોગવાઈ અનુસાર નોંધવવામાં આવેલ પ્રથમ અરજી નં.૩૫૩

(૪) જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક(મધ્યસ્થ કચેરી) ના પત્ર ક્રમાંક નં.સી/ એફ.એ.પી./૯૪, તા.૧૩/૦૭/૨૦૧૬.

(૫) અપીલ અધિકારી અને નગર નિયોજકના પત્ર ક્રમાંક નં. ટીડીઓ/અપીલ/૫૬, તા.૨૭/૦૭/૨૦૧૬.

અરજદારશ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયા ધ્વારા સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૦૧/૦૩/૨૦૧૬ ની તા.૧૦/૦૫/૨૦૧૬ સુધીમાં આપવામાં આવેલ રજાચિઠ્ઠીની વિગતો મેળવવા માટે સંદર્ભ(૧) હેઠળના પત્રથી કરવામાં આવેલ અરજી જાહેર માહિતી અધિકારી અને આસી. એકઝીકયુટીવ,નાગરીક સુવિધા કેન્દ્ર ધ્વારા સંદર્ભ(૨) હેઠળના પત્રથી ફકત જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી,સેન્ટ્રલ ઝોનને તબદીલ કરવામાં આવેલ. જે અરજી અત્રેની કચેરીએ તબદીલ કરવામાં આવેલ નથી. જે અરજી અન્વયે અરજદારશ્રીને માહિતી પ્રાપ્ત ન થતા તા.૧૧/૦૭/૨૦૧૬ ના રોજના સંદર્ભ(૩) હેઠળના પત્રથી પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ. જે અપીલ અરજી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક (મધ્યસ્થ કચેરી) ધ્વારા સંદર્ભ(૪) હેઠળના પત્રથી અત્રે તબદીલ કરવામાં આવેલ. જે અપીલ અરજી અત્રેની કચેરીએ ટીડીઓ/અપીલ/૧૬, તા.૧૪/૦૭/૧૬ થી નોંધાયેલ છે.

જે અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને નગર નિયોજકશ્રી ધ્વારા સંદર્ભ(૫) હેઠળના પત્રથી અરજદાર તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના.શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૦૪/૦૮/૨૦૧૬ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે

રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા માટે જણાવવામાં આવેલ. જે સુનાવણી દરમ્યાન અરજદારશ્રી હાજર રહેલ ન હતા તેમજ તેમના તરફથી કોઈ રજુઆત પણ કરવામાં આવેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા હાજર રહીને અરજદારશ્રી ધ્વારા સંદર્ભ (૧) હેઠળના પત્રથી કરવામાં આવેલ મૂળ અરજી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન મારફત તા.૨૦/૦૭/૨૦૧૬ ના રોજ તબદીલ થઈ અત્રે પ્રાપ્ત થતા તા.૦૧/૦૮/૨૦૧૬ ના રોજના પત્ર ક્રમાંક નં. ટીડીઓ/આરટીઆઈ/૫૧૭, તા.૦૧/૦૮/૨૦૧૬ થી શહેર વિકાસ (મધ્યસ્થ)ખાતા ધ્વારા તા.૦૧/૦૩/૨૦૧૬ થી તા.૧૦/૦૫/૨૦૧૬ સુધીમાં આપવામાં આવેલ વિકાસ પરવાનગી /રજાચિઠ્ઠીની વિગત દર્શાવતું પત્રક વિનામુલ્યે પાઠવવામાં અવેલ હોય, સદર અપીલ અરજી અન્વયે અરજદારશ્રીને વધુ કોઈ વિગતો પાઠવવાની રહેતી ન હોવાની રજુઆત કરવામાં આવેલ છે. ઉપરોકત વિગતો ધ્યાને લઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

અરજદારશ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયા ધ્વારા માહિતી અધિકાર અધિનિયમ,૨૦૦૫ હેઠળની તા.૧૬/૦૫/૨૦૧૬ ના રોજની મુળ અરજી અન્વયે તા.૧૧/૦૭/૨૦૧૬ થી નોંધાવવામાં આવેલ પ્રથમ અપીલ અરજી સંદર્ભે તા.૦૪/૦૮/૨૦૧૬ ના રોજ થયેલ રૂબરૂ સુનાવણી દરમ્યાન અરજદારશ્રી હાજર રહેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના.શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા કરેલ રજુઆત સાંભળ્યા બાદ અરજદારશ્રી ધ્વારા નોંધાવવામાં આવેલ પ્રથમ અપીલ અરજી બાદ અરજદારશ્રીની મૂળ અરજી સંબોધિત ઝોનમાંથી તબદીલ થઈ પ્રાપ્ત થતા, જે અરજીથી માંગવવામાં આવેલ તમામ વિગતો અરજદારશ્રીને વિનામુલ્યે પુરી પાઠવવામાં આવેલ હોય,જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના.શહેર વિકાસ અધિકારશ્રીને સદર અપીલ અરજી અન્વયે કોઈ હુકમ કરવાનો રહેતો નથી. આમ, અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**અપીલ અધિકારી અને**
**ઈ.ચા.નગર નિયોજક**
**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિ,**

**(૧) શ્રી વિનોદ પ્રેમજીભાઈ કંટારીયા,૩૦૨,શીતલ કોમ્પલેક્ષ,સૈયદપુરા માર્કેટ,સુરત પ્રતિ.....આપની અપીલ અરજી અન્વયે જાણ થવા સારૂ.**

અપીલ અધિકારી અને
ઈ.ચા. નગર નિયોજક
સુરત મહાનગરપાલિકા

મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૩

નં.ટી.ડી.ઓ/અપીલ/૬૫
તા.૨૩–૦૮–૨૦૧૬

**અપીલ અરજી તા.૧૮–૦૭–૨૦૧૬,**

**અરજદારશ્રી :– શ્રી અરૂણ એસ. પાઠક**

**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

**વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી અરૂણ એસ. પાઠકની તા.૦૯/૦૫/૧૬ ની અરજી ટીડીઓ/આઈ.ડી નં૧૧૬ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભ :–(૧) અરજદાર શ્રી અરૂણ એસ. પાઠકની તા.૦૯/૦૫/૧૬ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી ટીડીઓ/આઈ.ડી. નં.: ૧૧૬ થી અત્રેની કચેરીમાં અરજી કરવામાં આવેલ.**

**(૨) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૧૨/૦૫/૧૬ના ટીડીઓ/આર.ટી.આઈ. નં.: ૨૬૧ થી અરજદારશ્રીને નકલ ચાર્જ ભરી માહિતી મેળવી લેવા પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ.**

**(૩) અરજદારશ્રી અરૂણ એસ. પાઠકની તા.૧૮/૦૫/૧૬ ની રજુઆત**

**(૪) જાહેર માહિતી અધિકારીશ્રીના તા.૨૭/૦૫/૧૬ ના પત્ર ટીડીઓ/આરટીઆઈ નં.: ૩૦૬**

**(૫) જાહેર માહિતી અધિકારીશ્રીના તા.૧૦/૦૬/૧૬ ના ટીડીઓ/આરટીઆઈ નં.: ૩૩૯**

**(૬) "નમુના–ક" માં અરજદારશ્રી અરૂણ એસ. પાઠક ધ્વારા તા.૧૮/૦૭/૧૬ થી અત્રેના મધ્યસ્થ શહેર વિકાસ ખાતામાં પ્રથમ અપીલ અરજી રજુ કરવામાં આવેલ. (જે ટીડીઓ/અપીલ નં.: ૧૮ થી નોંધવામાં આવેલ.)**

**(૭) અપીલ અધિકારી અને તત્કાલિન નગર નિયોજકશ્રી ધ્વારા અરજાદરશ્રીને તા.૧૨/૦૮/૨૦૧૬ ના રોજ રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા બાબતના પત્ર ક્રમાંક નં. ટીડીઓ/અપીલ/૫૯, તા.૦૩/૦૮/૧૬ થી પત્ર પાઠવેલ.**

અરજદારશ્રી અરૂણ એસ. પાઠક ધ્વારા સંદર્ભ (૧) હેઠળના તા.૦૯/૦૫/૨૦૧૬ થી અત્રે મધ્યસથ કચેરીમાં અરજી કરવામાં આવેલ. સદર અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૨) હેઠળના તા.૧૨/૦૫/૧૬ થી અરજદારશ્રીને નિયત સમયમર્યાદામાં નકલ ફીના રૂા.૧૫૪૪/– ભરપાઈ કરી માહિતી મેળવી લેવા પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ. જે અન્વયે અરજદારે સંદર્ભ (૩) હેઠળના પત્રથી રૂબરૂ નીરીક્ષણ કરવા દેવા માટે રજુઆત કરેલ જે અન્વયે સંદર્ભ (૪) હેઠળના પત્રથી અરજદારને તા.૦૭/૦૬/૧૬ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ નિરીક્ષણ માટેની જાણ કરવામાં આવેલ. જે રૂબરૂ નિરીક્ષણ દરમ્યાન અરજદારે પ્લાનની નકલ એ/૩

સાઈઝમાં આપવા માટે રજુઆત કરેલ. જેના અનુસંધાને અરજદારને સંદર્ભ (૬) હેઠળના પત્રથી જરૂરી ફી ભરપાઈ કરીને માહિતી મેળવી લેવા જણાવવામાં આવેલ. જે અરજદારશ્રી ધ્વારા આજદિન સુધી ભરપાઈ કરવામાં આવેલ નથી. જે પ્રત્યુત્તરથી અરજદારશ્રી નારાજ થઈ સંદર્ભ (૬) હેઠળના તા.૧૮/૦૭/૧૬ થી અત્રેના મધ્યસ્થ શહેર વિકાસ ખાતામાં પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ. જે ટીડીઓ/અપીલ નં.:૧૮ થી નોંધવામાં આવેલ.

સદર અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને તત્કાલિન નગર નિયોજકશ્રી ધ્વારા સંદર્ભ(૪) હેઠળના તા.૦૩/૦૮/૨૦૧૬ ના પત્રથી અરજદાર તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૧૨/૦૮/૧૬ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવવામાં આવેલ જેમાં અરજદારશ્રી હાજર રહેલ ન હતા અને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ હાજર રહીને અરજદારને નિયત સમયમર્યાદામાં અરજદારશ્રીની આર.ટી.આઈ. એકટ હેઠળની અરજી અન્વયે નિયત ચાર્જ ભરી માહિતી મેળવી લેવા પ્રત્યુત્તર પાઠવેલ હોવાની સ્પષ્ટતા કરવામાં આવેલ છે. ઉપરોકત વિગતો ધ્યાને લઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

**અરજદારશ્રી અરૂણ એસ. પાઠક ધ્વારા આર.ટી.આઈ. એકટ, ૨૦૦૫ હેઠળની તા.૦૯/૦૫/૨૦૧૬ ની મુળ અરજી અન્વયે કરેલ રજુઆત સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રી હાજર રહેલ નથી જયારે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત સાંભળ્યા બાદ અરજદારશ્રીને તેઓની માહિતી માંગતી તા.૦૯/૦૫/૨૦૧૬ ની મુળ અરજીથી અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી અન્વયે અરજદારશ્રીને નિયત સમય મર્યાદામાં નકલ ચાર્જ ભરી માહિતી મેળવી લેવા જણાવવામાં આવેલ. જે અરજદારશ્રી ધ્વારા નકલ ચાર્જ આજદિન સુધી ભરપાઈ કરવામાં આવેલ નથી. આમ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને કોઈ હુકમ કરવાનો રહેતો નથી. આમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.**

**અપીલ અધિકારી અને**
**ઈ.ચા.નગર નિયોજક**
**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિ,**

**(૧) શ્રી અરૂણ એસ. પાઠક, ૭, ૮, કર્મયોગી ભવન, ભગવતી આર્કેડ, ઉધન, ઉદ્યોગનગર, રોડ નં.: ૫, ઉધના, સુરત. ..... આપની અપીલ અરજી સામે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ છે. જાણ સારૂ.**

**અપીલ અધિકારી અને**
**ઈ.ચા. નગર નિયોજક**
**સુરત મહાનગરપાલિકા**

**મહાનગર સેવા સદન,**
**મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૩**

**નં.ટી.ડી.ઓ/અપીલ/૮૩**
**તા.૩૦–૦૯–૨૦૧૬**

**અપીલ અરજી તા.૨૭–૦૭–૨૦૧૬,**

**અરજદારશ્રી :– શ્રી અરૂણ એસ. પાઠક**

**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

**વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી અરૂણ એસ. પાઠકની તા.૧૯/૦૨/૧૬ ની અરજી આઈ.ડી નં ૮૭૯ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભ :–(૧) અરજદાર શ્રી અરૂણ એસ. પાઠકની તા.૧૯/૦૨/૨૦૧૬ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.: ૮૭૯ થી ઉધના ઝોન કચેરીના નાગરીક સુવિધા કેન્દ્રમાં અરજી કરવામાં આવેલ.**

**(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, ઉધના ઝોન કચેરી ધ્વારા તા.૨૧/૦૩/૧૬ ના પત્રનં.: ૮૫૯ થી અત્રેની કચેરીમાં તબદીલ કરવામાં આવેલ.**

**(૩) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૩૧/૦૩/૧૬ના ટીડીઓ/આર.ટી.આઈ. નં.: ૧૦૬૬ થી અરજદારશ્રીને પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ.**

**(૪) "નમુના–ક" માં અરજદારશ્રી અરૂણ એસ. પાઠક ધ્વારા તા.૨૭/૦૭/૧૬ થી અત્રેની કચેરીમાં પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ.**

**(૫) અપીલ અધિકારી અને ઈ.ચા. નગર નિયોજકશ્રી ધ્વારા અરજાદરશ્રીને તા.૧૯/૦૮/૨૦૧૬ ના રોજ રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા બાબતના પત્ર ક્રમાંક નં. ટીડીઓ/અપીલ/૫૮, તા.૦૩/૦૮/૧૬ થી પત્ર પાઠવેલ.**

**(૬) અપીલ અધિકારી અને ઈ.ચા. નગર નિયોજકશ્રી ધ્વારા અરજાદરશ્રીને ફરી તા.૨૭/૦૯/૨૦૧૬ ના રોજ રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા બાબતના પત્ર ક્રમાંક નં. ટીડીઓ/અપીલ/૭૮, તા.૨૦/૦૯/૧૬ થી પત્ર પાઠવેલ.**

અરજદારશ્રી અરૂણ એસ. પાઠક ધ્વારા સંદર્ભ (૧) હેઠળના તા.૧૯/૦૨/૨૦૧૬ થી ઉધના ઝોન કચેરીમાં અરજી કરવામાં આવેલ. સદર અરજી જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે. ઈજનેરશ્રી, ઉધના ઝોન કચેરી ધ્વારા સંદર્ભ (૨) હેઠળના તા.૨૧/૦૩/૧૬ ના પત્રથી અત્રેની કચેરીમાં તબદીલ કરવામાં આવેલ. જે અત્રે ટીડીઓ/આઈ.ડી. નં.: ૮૭૨ થી નોંધવામાં આવેલ. સદર અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૩) હેઠળના તા.૩૧/૦૩/૨૦૧૬ થી અરજદારશ્રીને નિયત સમયમર્યાદામાં પ્રત્યુત્તર તથા વિના મુલ્ય નકલો પુરી પાડવામાં આવેલ. જે પ્રત્યુત્તરથી અરજદારશ્રી નારાજ થઈ સંદર્ભ (૪) હેઠળના તા.૨૭/૦૭/૧૬ થી અત્રેની કચેરીમાં પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ. જે ટીડીઓ/અપીલ નં.:૨૦ થી નોંધવામાં આવેલ.

સદર અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને ઈ.ચા.નગર નિયોજકશ્રી ધ્વારા સંદર્ભ(૫) હેઠળના તા.૦૩/૦૮/૨૦૧૬ ના પત્રથી અરજદાર તથા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તા.૧૯/૦૮/૧૬ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવવામાં આવેલ. જેમાં અરજદારશ્રી હાજર રહેલ રહેલ ન હતા અને ત્યારબાદ ફરી સંદર્ભ (૬) હેઠળના તા.૨૦/૦૯/૨૦૧૬ ના પત્રથી તા.૨૭/૦૯/૨૦૧૬ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા અરજદારશ્રીને ફરી જણાવવામાં આવેલ. જેમાં પણ અરજદારશ્રી હાજર રહેલ ન હતા અને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીએ હાજર રહીને અરજદારને નિયત સમયમર્યાદામાં અરજદારશ્રીની આર.ટી.આઈ. એકટ હેઠળની અરજીમાં જણાવેલ માહિતી અંગે વિના મુલ્યે માહિતી / નકલો પુરી પાડવામાં આવેલ હવાની સ્પષ્ટતા કરવામાં આવેલ છે. ઉપરોકત વિગતો ધ્યાને લઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

**અરજદારશ્રી અરૂણ એસ. પાઠક ધ્વારા આર.ટી.આઈ. એકટ, ૨૦૦૫ હેઠળની તા.૧૯/૦૨/૨૦૧૬ ની મુળ અરજી અન્વયે કરેલ રજુઆત સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રી હાજર રહેલ નથી જયારે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત સાંભળ્યા બાદ અરજદારશ્રીને તેઓની માહિતી માંગતી તા.૧૯/૦૨/૨૦૧૬ ની મુળ અરજીથી અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી અન્વયે અરજદારશ્રીને નિયત સમય મર્યાદામાં પ્રત્યુત્તર / વિના મુલ્યે નકલો પુરી પાડવામાં આવેલ છે. આમ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રીને કોઈ હુકમ કરવાનો રહેતો નથી. આમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.**

**અપીલ અધિકારી અને**
**ઈ.ચા.નગર નિયોજક**
**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિ,**

**(૧) શ્રી અરૂણ એસ. પાઠક, ૭,૮, કર્મયોગી ભવન, ભગવતી આર્કેડ, ઉધના, ઉદ્યોટ નગર રોડ નં.: ૫, સુરત. ..... આપની અપીલ અરજી સામે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ છે. જાણ સારૂ.**

**અપીલ અધિકારી અને**
**ઈ.ચા. નગર નિયોજક**
**સુરત મહાનગરપાલિકા**

મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૩

**નં.ટી.ડી.ઓ/અપીલ/૮૦**
**તા.૨૭–૦૯–૨૦૧૬**

**અપીલ અરજી તા.૧૨–૦૮–૨૦૧૬,**

**અરજદારશ્રી :– શ્રી પટેલ પ્રકાશભાઈ નટવરલાલ**

**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ શહેર વિકાસ અધિકારી**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

**વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી પટેલ પ્રકાશભાઈ નટવરલાલ ની તા.૨૦/૦૭/૧૬ ની અરજી આઈ.ડી નં ૯૩૦ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભ :–(૧) અરજદાર શ્રી પટેલ પ્રકાશભાઈ નટવરલાલ ની તા.૨૦/૦૭/૨૦૧૬ ના રોજની માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.: ૯૩૦ થી સેન્ટ્રલ ઝોન કચેરીના નાગરીક સુવિધા કેન્દ્રમાં અરજી કરવામાં આવેલ.**

**(૨) જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસી. ધ્વારા તા.૨૨/૦૭/૧૬ ના પત્રનં.: ૯૩૦ થી અત્રે તથા અન્ય વિભાગમાં તબદીલ કરવામાં આવેલ.**

**(૩) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૦૬/૦૮/૧૬ના ટીડીઓ/આર.ટી.આઈ. નં.: ૫૪૨ થી અરજદારશ્રીને પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ.**

**(૪) "નમુના–ક" માં અરજદારશ્રી પટેલ પ્રકાશભાઈ નટવરલાલ ધ્વારા તા.૧૨/૦૮/૧૬ થી સેન્ટ્રલ ઝોન કચેરીમાં પ્રથ્મ અપીલ અરજી કરવામાં આવેલ.**

**(૫) જાહેર માહિતી અધિકારી, નાગરીક સુવિધા કેન્દ્ર ધ્વરા તા.૨૦/૦૮/૧૬ ના પત્રનં.: ૭ થી અત્રેની કચેરીમાં પ્રથમ અપીલ અરજી તબદીલ કરવામાં આવેલ.(જે ટીડીઓ/અપીલ નં.: ૨૨ થી નોંધવામાં આવેલ.)**

**(૬) અપીલ અધિકારી અને ઈ.ચા. નગર નિયોજકશ્રી ધ્વારા અરજાદરશ્રીને તા.૦૮/૦૯/૨૦૧૬ ના રોજ રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા બાબતના પત્ર ક્રમાંક નં. ટીડીઓ/અપીલ/૬૯, તા.૨૯/૦૮/૧૬ થી પત્ર પાઠવેલ.**

**(૭) અપીલ અધિકારી અને ઈ.ચા. નગર નિયોજકશ્રી ધ્વારા અરજાદરશ્રીને તા.૧૯/૦૯/૨૦૧૬ ના રોજ ફરી રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા બાબતના પત્ર ક્રમાંક નં. ટીડીઓ/અપીલ/૭૪, તા.૧૪/૦૯/૧૬ થી પત્ર પાઠવેલ.**

અરજદારશ્રી પટેલ પ્રકાશભાઈ નટવરલાલ ધ્વારા સંદર્ભ (૧) હેઠળના તા.૨૦/૦૭/૨૦૧૬ થી સેન્ટ્રલ ઝોન કચેરીના નાગરીક સુવિધા કેન્દ્રમાં અરજી કરવામાં આવેલ. સદર અરજી જાહેર માહિતી અધિકારીશ્રી નાગરીક સુવિધા કેન્દ્ર ધ્વારા સંદર્ભ (૨) હેઠળના તા.૨૨/૦૭/૧૬ ના પત્રથી અત્રે તથા અન્ય વિભાગમાં તબદીલ કરવામાં આવેલ. જે અત્રે ટીડીઓ/આઈ.ડી. નં.: ૩૦૫ થી નોંધવામાં આવેલ. સદર અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ના. શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૩) હેઠળના તા.૦૬/૦૮/૧૬ થી અરજદારશ્રીને નિયત સમયમર્યાદામાં પ્રત્યુત્તર

પાઠવવામાં આવેલ. જે પ્રત્યુત્તરથી અરજદારશ્રી નારાજ થઈ સંદર્ભ (૪) હેઠળના તા.૧૨/૦૮/૧૬ થી સેન્ટ્રલ ઝોન કચેરીના નાગરીક સુવિધા કેન્દ્રમાં પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ. સદર અરજી જાહેર માહિતી અધિકારીશ્રી, નાગરીક સુવિધા કેન્દ્ર ધ્વારા સંદર્ભ (૫) હેઠળના તા.૨૦/૦૮/૧૬ થી અત્રેની કચેરીમાં તબદીલ કરવામાં આવેલ. જે ટીડીઓ/અપીલ નં.:૨૨ થી નોંધવામાં આવેલ.

